Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સ્વ૰ શ્રી કુંવરજીભાઇ આણંદજી
જેમની પાંચમી પુણ્યતિથિ પોષ શુદિ ૧૧ના રોજ ઉજવવામાં આવી.

પુસ્તક ૬૬ મું ] પોષ—મહા [ અંક ૩-૪
ઇ. સ. ૧૯૪૯ ૨૫ મી ડીસેમ્બર
વીર સં. ૨૪૭૬ વિક્રમ સં. ૨૦૦૬

પ્રગટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૧-૧૨-૦

પુસ્તક ૬૬ મું અંક ૩-૪ | પોષ-મહા | વીર સં. ૨૪૭૬ વિ. સં. ૨૦૦૬

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | સન્માન-સમારંભ | ... | ૬૬ |
| ૨ | સભાનું સન્માન-પત્ર | ... | ૬૮ |
| ૩ | સમાજવ્યવસ્થાને નિર્મૂળ ન કરો | (શ્રી નટવરલાલ માણેકલાલ સુરતી) | ૭૦ |
| ૪ | જૈન ધર્મ સ્વતંત્ર ને પ્રાચીન ધર્મ છે | (પ્રિન્સિપાલ પ્રતાપરાય મોહનલાલ મોદી) | ૭૫ |
| ૫ | સંઘના મેળાવડાનો હેવાલ | ... | ૮૨ |
| ૬ | સંઘનું સન્માન-પત્ર | ... | ૮૩ |
| ૭ | સમાજના ઉત્કર્ષમાં જ્ઞાતિ ઉત્કર્ષ | ( શ્રી હરિસિદ્ધભાઇ દીવેટિયા ) | ૮૫ |
| ૮ | શ્રી મોતીચંદભાઈનો જવાબ | ... | ૮૮ |
| ૯ | સ્વ. શ્રી કુંવરજીભાઇ આણંદજી | ( મૌક્તિક ) | ૯૦ |
| ૧૦ | પ્રશ્નોત્તર | ( પ્રશ્નકાર-ઉત્તમચંદ ભીખાભાઇ-પુનાકેમ્પ ) | ૯૧ |


### "પ્રકાશ"ની પ્રકાશન તારીખ

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકની પ્રકાશન તારીખ ૧૯૫૦ ના જાન્યુઆરીથી તા. ૧૫ મી મુકરર થઇને આવી છે. આ વખતનો અંક **પોષ-મહાના** સંયુક્ત અંક તરીકે બહાર પાડેલ છે, તો હવે પછીનો ફાલ્ગુન માસનો અંક તા ૧૫ મી ફેબ્રુઆરીના રોજ પ્રગટ થશે.

### "પ્રકાશ" સહાયક ફંડ

ગત માસમાં જણાવી ગયા પછી નીચે પ્રમાણે સહાય મળી છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે

| | | |
|---|---|---|
| પરાા | અગાઉના | |
| ૧૫) | મુનિરાજશ્રી ચિદાનંદસાગરજી મહારાજના ઉપદેશથી | |
| ૭) | શાહ જેશીંગભાઇ સોમાભાઈ | કપડવંજ |
| ૬ાા | બહેન વેજબાઇ | જાલના |
| ૧) | શાહ રાયચંદ મૂળજી | મોરબી |
| રૂ. ૮૨) | કુલ | |

### પૂજા ભણાવવામાં આવી

સ્વ. શ્રી કુંવરજીભાઇ આણંદજીની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે પોસ શુદિ **૧૧** ને શનિવારના રોજ સભાના મકાનમાં પ્રભુજી પધરાવી સવારના નવ કલાકે શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૬ મું.
અંક ૩-૪.

: પોષ-મહા :

વીર સં. ૨૪૭૬
વિ. સં. ૨૦૦૬



સાહિત્ય-ઉપાસક, સમાજસેવક
શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડિયા
સોલિસિટર
શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના માનવંતા પેટ્રન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સન્માન–સમારંભ.

[ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી તા. ૭–૧૨–૪૯ના રોજ શ્રીયુત્ મોતીચંદ ગિરધરલાલ કાપડીયાના સન્માન નિમિત્તે કરેલ મેળાવડાનો ટૂંક હેવાલ ].

શ્રીયુત મોતીચંદ ગિ. કાપડીઆને સન્માનપત્ર અર્પવાનો મેળાવડો તા. ૭–૧૨–૪૯ સં. ૨૦૦૬ માગશર વદિ બીજ બુધવારે આપણી સભા તરફથી ભાવનગરના નિવૃત્ત નાયબ દીવાન શ્રી નટવરલાલ માણેકલાલ સુરતીના પ્રમુખપદે યોજાયો હતો. આ મેળાવડામાં જૈન ગૃહસ્થો ઉપરાંત જૈનેતર ગૃહસ્થોની પણ વિશેષ પ્રમાણમાં હાજરી હતી. પ્રારંભમાં સભાના સેક્રેટરી શ્રી દીપચંદભાઇએ આ સન્માનપત્ર અંગેની પરિપત્રિકા સભા સમક્ષ વાંચી હતી અને ત્યારબાદ શ્રી ગુલાબચંદ આણંદજીએ પ્રમુખપદ સ્વીકારવા માટે નટવરલાલભાઇને વિનતિ કરતાં, તેઓની રાજ્ય અને પ્રજા તરફની નિષ્ઠાપૂર્વકની માનભરી સેવાની પ્રશંસા કરી હતી. શ્રી નટવરલાલભાઇએ પ્રમુખસ્થાન સ્વીકારતાં કહ્યું કે–આ પ્રસંગ નિમિત્તે જૂના અને પરિચિત ભાઇઓને મળવાની પોતાને તક મળી એ માટે હું મારું સદ્ભાગ્ય માનું છું. ત્યારપછી એમણે શ્રી મોતીચંદભાઇની જૈન ધાર્મિક સાહિત્યની સેવા, મહાવીર જૈન વિદ્યાલયનું એમનું કાર્ય તથા એમની દેશસેવાનો ઉલ્લેખ કરી સભાએ યોજેલા આજના પ્રસંગની યોગ્યતા દર્શાવી હતી.

ત્યારબાદ શ્રી વિઠ્ઠલદાસભાઇએ આવેલા સંદેશાઓ વાંચ્યા બાદ સભાના સ્થાયી પ્રમુખ શ્રી જીવરાજભાઇ ઓ. દોશીએ જૈન ધર્મ પ્રસારક સભા, જૈન ધર્મ પ્રકાશ (માસિક) અને સભાએ છેલ્લાં ૬૦ વરસમાં પ્રકટ કરેલાં પ્રકાશનો–જેમાં શ્રી મોતીચંદભાઇનાં લખેલાં દસ અગીઆર હજાર પૃષ્ઠનાં પ્રકટ કરેલાં પુસ્તકોનો પણ સમાવેશ થાય છે, તેનો ઉલ્લેખ કર્યો હતો. એમણે કહ્યું હતું કે–દેશકાળને અંગે સાહિત્ય પ્રકાશનમાં પણ ફેરફાર થતો જાય છે. પહેલાં તપ અને સંયમનું પ્રાધાન્ય ધરાવનારાં પુસ્તકો લખાતાં. જ્યારે અત્યારે જનસમાજની સેવા કરવાનું માનસ પ્રાધાન્ય ધરાવે છે. એટલે એવાં પ્રકાશન તરફ ધ્યાન આપવામાં આવે છે. જૈનોમાં સાહિત્ય સેવા કરનારા વિદ્વાનોની સંખ્યા અને એમનું સાહિત્ય ઓછું છે તેનું કારણ તો એ છે કે–અમે વણિક છીએ. ઉપસંહાર કરતાં એમણે મોતીચંદભાઇનાં સંયમ અને એમની અભ્યાસશીલતા સંબંધી વિવેચન કર્યું હતું.

શ્રી ભાઇચંદભાઇ અ. વકીલે કહ્યું કે–આ પ્રસંગને અનુરૂપ બોલવા માટે યોગ્ય વ્યક્તિ તો એમના મિત્ર ફતેચંદભાઇ છે. જૈનભાઇઓમાં સામાન્યતઃ સંકુચિત વૃત્તિ જોવામાં આવે છે પણ મોતીચંદભાઇ અને પરમાણંદભાઇ તો જૈન સમાજમાં ઘણા આગળ વધી ગયા છે. આ બન્ને પહેલાં હિંદી અને પછી જ જૈન છે. શ્રી ફતેચંદભાઇએ "નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીને વ્યવહારનું પાલન" કરનાર તરીકે મોતીચંદભાઇના જીવનનો સંક્ષિપ્ત ઇતિહાસ કહી એના નિમિત્તરૂપ પોતાના સ્વ. પિતા અને સ્વ. કુંવરજીભાઇની અસર જણાવી હતી. શ્રી ગુલાબચંદ લલ્લુભાઇએ મોતીચંદભાઇના વિવિધભર્યા જીવનનો ઉલ્લેખ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી તેમણે લખેલાં પુસ્તકોરૂપી પુષ્પગુચ્છમાંથી સુવાસ લેવાનો અનુરોધ કર્યો હતો. એમણે કહ્યું હતું કે–સામાન્યતઃ વકીલોનું જીવન રાગદ્વેષ રહિત હોય છે. કેમકે આજ એને એક અસીલ હોય છે તો કાલ બીજો હોય છે. આપણને નકામાં ટાયલાં કરવાનો વખત મળે છે પરંતુ ખરી સેવા માટે સમય મળતો નથી, આ માટે આપણે મોતીચંદભાઈના જીવન ઉપરથી દાખલો લેવા જેવું છે. આજ એમનો જન્મદિવસ હોઇ એમને અભિનંદન આપી હું એમનું લાંબું આયુષ્ય ઇચ્છું છું.

પ્રો. રવિશંકર જોશીએ, વાણિજ્ય અને અર્થપ્રાપ્તિની પરિસ્થિતિમાંથી બહાર નીકળી મોતીચંદભાઇએ વ્યાપાર, વિદ્યા, તેનો ઉપયોગ અને તેના પ્રચારનો જે સર્વાંગી વિકાસ સાધ્યો છે તે વિગતથી સમજાવ્યું હતું અને કહ્યું હતું કે અત્યારે હિંદમાં સમાજસેવાના ક્ષેત્રમાં માનવતાની મોટી ખોટ પડી છે ત્યારે શ્રી મોતીચંદભાઇ માનવતાની મૂર્તિ સમા છે. ત્યારબાદ સભાના સેક્રેટરી શ્રી. અમરચંદ કુંવરજીએ સન્માનપત્ર વાંચ્યું હતું.

શ્રી મોતીચંદભાઈએ પોતાને મળેલા માનનો જવાબ આપતાં કહ્યું કે–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા મને માનપત્ર આપે તે ઘટતું લાગતું નથી. મેં તો આ સભાનો ખૂબ લાભ લીધો છે. અને સભાએ મારા પુસ્તકનું પ્રકાશન કરીને મને ઊલટો આભાર નીચે મૂક્યો છે. આપે તે નાની વાતને મોટી કરી બતાવીને આપના સૌજન્યનું દિગ્દર્શન કરાવ્યું છે. મારી વર્તમાન સ્થિતિ મારા સ્વ. કાકા કુંવરજીભાઈને આભારી છે. અને તેથી હું માન પામી છલકાઇ જાઉં એવી આપ કોઈ કલ્પના કરશો નહીં. માનપત્રને લાયક માણસ જ્યાંસુધી તે જીવતો હોય ત્યાં સુધી હોય નહીં. મર્યા પછી જ તે લાયક થાય છે. માણસને એની હયાતીમાં માન દેવું એ જોખમની વાત છે. પરંતુ આપનાં પ્રેમ અને આગ્રહનો હું અસ્વીકાર કરી શકયો નહીં. મહાવીર જૈન વિદ્યાલયનું કામ કરવામાં મેં કાંઇ જ કર્યું નથી એમ હું માનું છું. એ મારા શોખની પ્રવૃત્તિ હતી. અને મુંબઇની બીજી સાઠ સીત્તેર સંસ્થાઓનું જેમ મારે કામ કરવું પડે છે તેમાં આ એક વધારે સંસ્થા છે. હું આપને ઢોંગ કરીને નથી કહેતો, પણ મારું એકેય કામ એવું નથી કે જેથી હું આ માનને પાત્ર ગણાઉં. આપણું જે થોડું ઘણું પુણ્ય હોય તેમાં પોતાની પ્રશંસા સાંભળીને કે તે સાંભળવાની ઇચ્છા કરીને ઘટાડો ન કરવો એવું શિક્ષણ મેં મારા કાકા સ્વ૦ શ્રી કુંવરજીભાઇ પાસેથી મેળવ્યું છે. બાકી તો દ્રવ્યથી અને ભાવથી આનંદ વર્તે છે. આપ સર્વ સભાના ઉત્કર્ષમાં ઉમળકાભેર પ્રવૃત્ત થશો અને સભાની સુવાસને વિશેષ પ્રસરાવશો એ આશા અસ્થાને નથી.

છેવટમાં પ્રમુખસ્થાનેથી શ્રી નટવરલાલભાઇએ ઉપયોગી પ્રવચન કરેલ, જે આ જ માસિકમાં વિસ્તારથી આપ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સન્માન પત્ર.

**સ્વધર્મપ્રેમી સાક્ષરવર્ય,**

**શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીયા**

**બી. એ. એલએલ. બી. સોલીસિટર**

**મુંબઈ તથા ભાવનગર.**

અમારા ભાવનગર શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના સભ્યોને આ સન્માન પત્ર આપને અર્પણ કરતાં ઘણો આનંદ અને સંતોષ થાય છે.

આપ ભાવનગરના ધર્મપ્રેમી સુપ્રસિદ્ધ શેઠ **આણંદજી પુરુષોત્તમ**ના કુટુંબમાં જન્મ્યા છો. આપના પિતાશ્રી સ્વ૦ શેઠ **ગિરધરભાઈ** અમારા ભાવનગર શ્રી સંઘમાં અગ્રગણ્ય હતા. ઘણા વર્ષો સુધી તેઓશ્રી સંઘના પ્રમુખ હતા. અનેક ધર્મ અને વ્યવહારના કાર્યો તેઓશ્રીના હસ્તે થયા છે. આપના કાકાશ્રી સ્વ૦ શેઠ **કુંવરજીભાઈ** અમારી સભાના સ્થાપક, પોષક અને વર્ધક હતા. સભાની હાલની ઉન્નતિ તેઓશ્રીની આજીવન અવિરત કાર્યક્ષમતાને આભારી છે.

આવા ધર્મપ્રેમી સંસ્કારી કુટુંબમાં જન્મવાથી આપનામાં ધર્મપ્રેમ, સેવાભાવ અને સાહિત્યરસ વારસામાં આવેલ છે.

નાનપણમાં પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ શ્રી **વૃદ્ધિચંદ્રજી મહારાજ** અને પંન્યાસજી શ્રી **ગંભીરવિજયજી**નો આપને સમાગમ મળવાથી ધર્મભાવના આપના જીવનમાં જાગ્રત થયેલ છે.

કોલેજ અને યુનિવર્સીટીમાં ઉચ્ચ કેળવણી લીધી છતાં, અને સોલીસિટરના ધંધા જેવા અતિ પ્રવૃતિવાળા ધંધામાં આપે જીવનનો મુખ્ય ભાગ વીતાવ્યા છતાં, ધાર્મિક ક્રિયા ઉપર પ્રેમ તથા વ્રત-નિયમો પ્રત્યે દઢતા આપના જીવનમાં ઓતપ્રોત રહ્યા છે.

શ્રી જૈન ધર્મનો આપનો અભ્યાસ ઊંડો અને મર્મગ્રાહી છે. આપે ઉપમિતિભવપ્રપંચ, અધ્યાત્મકલ્પદ્રુમ, શાંતસુધારસ ભાવના, શ્રી આનંદઘનજીના પદોનું વિવરણ આદિ અનેક આધ્યાત્મિક ગ્રંથો લખ્યા છે. વ્યવહાર-કૌશલ્ય જેવું વ્યાવહારિક સાહિત્ય પણ આપે પુષ્કળ લખ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી જૈન ધર્મ પ્રસારક સભા મારફત આપનું સમગ્ર સાહિત્ય છપાયેલ છે. "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકને આપના લેખો કાયમ મળ્યા છે, અને હજુ પણ મળતા રહે છે. "પ્રકાશ" નો વિકાસ ઘણે અંશે આપને આભારી છે.

આપણા યુવકોને મુંબઇ જેવા પ્રવૃત્તિવાળા શહેરમાં કેળવણીના સાધનો સુલભ્ય થાય તેવા હેતુથી આપે સતત પુરુષાર્થ કરી શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી મહાન કેળવણીની સંસ્થા ઊભી કરવામાં મોટો ફાળો આપ્યો છે. તેની કદર તરીકે મુંબઇમાં ભવ્ય મેલાવડો કરી આપને મોટી રકમની પર્સ થોડા વખત પહેલાં એનાયત કરવામાં આવી છે. જે રકમમાં આપે પોતાના તરફથી બીજી રકમ ઉમેરી કેળવણી અને સાહિત્યના કામમાં જ વાપરવા વિદ્યાલયની કમિટીને સુપ્રત કરી છે.

આઝાદીની લડતમાં આપે ભાગ લીધો છે, અને જેલનિવાસ પણ ભોગવ્યો છે. મુંબઇની મ્યુ. કોર્પોરેશનમાં પણ આપે કિંમતી સેવા બજાવેલ છે.

આપના જેવું દૃષ્ટાંતરૂપ સર્વાંગી જીવન ગાળનાર સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઇમાં ઓછા ગૃહસ્થો મળી શકે છે.

દોઢેક વર્ષ ઉપર પક્ષઘાતનો મોટો વ્યાધિ આપે ભોગવેલ છે. તેમાંથી પૂર્વ પુણ્યના યોગે આરોગ્ય પ્રાપ્ત કરી અમારી હાથે હરતાફરતા, ધર્મ અને સમાજસેવાના સવાલોની ચર્ચા કરતા જોઇ અમને ઘણો આનંદ થાય છે.

આપ તંદુરસ્ત રહો અને સાહિત્ય, ધર્મ, કેળવણી, સમાજસેવા અને રાષ્ટ્ર-સેવાના કામોમાં સલાહ અને દોરવણી આપવા આપ ભાગ્યશાળી બનો એવી અમારી પરમાત્મા પ્રત્યે અંતઃકરણની પ્રાર્થના છે.

લિ. સેવકો,

**મેળાવડાના પ્રમુખ—રા. નટવરલાલ માણેકલાલ સુરતી**

**શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી**
પ્રમુખ
**શ્રી ભોગીલાલભાઇ મગનલાલ શેઠ**
ઉપપ્રમુખ

**શ્રી અમરચંદ કુંવરજી શાહ**
**શ્રી દીપચંદ જીવણલાલ શાહ**
ઓ.સેક્રેટરીઓ
તથા શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના
અન્ય સભાસદો

સં. ૨૦૦૬ માર્ગશીર્ષ કૃષ્ણા દ્વિતીયા, તા. ૭-૧૨-૪૯ બુધવાર, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સમાજવ્યવસ્થાને નિર્મૂળ ન કરો.



શ્રીયુત્ નટવરલાલ માણેકલાલ સુરતી B. A. LL. B.
નિવૃત્ત નાયબ દિવાન, ભાવનગર

સદ્ગૃહસ્થો.

શ્રી મોતીચંદભાઇ અને તેમના જીવન-કાર્ય વિષે જેટલી માહિતીનો હું દાવો કરી શકું એના કરતાં ઘણી વિશેષ માહિતી અને અંગત પરિચય ધરાવનારા આગળના વક્તાઓએ વિસ્તારથી આ પ્રસંગને ઉચિત ઘણું કહ્યું છે, તેમાં મારા તરફથી ખાસ ઉમેરો કરવાનું રહેતું નથી, પણ અગાઉના વક્તાઓએ જે કહ્યું છે તે ઉપરથી મને જે સહજ વિચાર સ્ફૂર્યા છે તે આપની સમક્ષ રજૂ કરવા રજા લઉં છું.

શ્રી જીવરાજભાઇએ શ્રી મોતીચંદભાઇના પ્રસિદ્ધ અને અપ્રકટ પુસ્તકોની નામાવલિ આપણી સમક્ષ વાંચી બતાવી છે અને તેમનાં પુસ્તકોની ગુણવત્તાની દૃષ્ટિએ એ પુસ્તકોનો જેણે ઝીણવટથી અભ્યાસ કર્યો છે, તે શ્રી ફતેહચંદભાઇએ તેની સમીક્ષા પણ કરી છે.

શ્રી મોતીચંદભાઇએ બીજું કાંઇ નહિં અને માત્ર આ ધાર્મિક પુસ્તકોનું આલેખન અને પ્રકાશન કર્યું હતું તો પણ તેઓ સર્વથા સન્માનને પાત્ર ગણાત, પણ તેમની સેવા એ પુસ્તકોના પ્રકાશન પૂરતી મર્યાદિત નથી, વ્યવહારિક ક્ષેત્રમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી અજોડ અને અનુકરણીય સંસ્થાદ્વારા સમગ્ર જૈન કોમની સેવા કરી છે, પણ શ્રી મોતી-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદભાઇ દ્વારા આ પ્રકારની સેવા થાય એમાં કાંઇ ખાસ નવાઈ જેવું નથી કારણ તેમના સદ્દગત પિતાશ્રી ગિરધરભાઇએ ભાવનગર જૈન સંઘનો કારભાર આજીવન ઉપાડ્યો હતો. વ્યવહારિક સેવાનો વારસો તેમના પૂજ્ય પિતાશ્રી પાસેથી શ્રી મોતીચંદભાઈને સાંપડ્યો છે.

અને ધાર્મિક સાહિત્ય ક્ષેત્રમાં શ્રી મોતીચંદભાઈએ જે સેવા કરી છે તે જ્ઞાન તેમના સદ્દગત કાકાશ્રી કુંવરજીભાઈ આણંદજીભાઇ, જેઓ આદર્શ જૈન હતા અને જેમણે સમગ્ર જીવન એક ચુસ્ત બ્રાહ્મણને પણ અદેખાઇ આવે એવી રીતે જૈન શાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન કરાવવામાં વ્યતીત થયું હતું તેમની પાસેથી સાંપડયું હતું.

અમદાવાદ જેવા શહેરોનાં જૈન ગૃહસ્થો આર્થિક દૃષ્ટિએ વધારે માતબર અને આગળ પડતા હશે પણ જૈનધર્મ અને સંઘની સાચી તાત્ત્વિક સેવાના કાર્યમાં બીજા કોઇપણ શહેરના જૈન સંઘ કરતાં ભાવનગર જૈન સંઘની પ્રતિષ્ઠા ઉતરતી નથી, બલ્કે થોડે અંશે પણ કાંઈક આગળ પડતી છે એમ કહેવામાં કાંઇ અતિશયોક્તિ નથી એટલે ભાવનગરમાંથી પ્રસંગોપાત શ્રી મોતીચંદભાઇ જેવી વ્યક્તિ જૈનધર્મ અને કોમના ઉત્કર્ષને માટે આજીવન સેવા કરનારી સાંપડે એ સ્વાભાવિક છે.

હું સનાતની હિંદુ છું. સનાતનીઓનો સમુદાય ઘણો વિશાળ છે, અને તેમાં છૂટી-છવાઇ મહાન્ વ્યક્તિઓ ભૂતકાળમાં બહાર આવી છે અને અત્યારે પણ મોજૂદ છે, પણ તે સાથે મારે ખુલ્લા દિલથી કબૂલ કરવું જોઇએ કે જેટલે અંશે ધર્મની પ્રણાલિકા અને તેની આચારમર્યાદા જૈન સમાજમાં આબાલવૃદ્ધ સ્ત્રી અને પુરુષ વર્ગમાં વ્યવહારની રીતે અમલમાં મુકાતી-તેઓના હંમેશના જીવનમાં ચરિતાર્થ થતી જોવામાં આવે છે-તેટલે અંશે સનાતની સમાજમાં પ્રતિત થતી નથી.

આ માત્ર જૈન ભાઇઓનો મેળાવડો છે માટે ભલું મનાવવા ખાતર કહું છું એમ નથી, આ મારો પ્રમાણિક અભિપ્રાય લાંબા વખતથી હું ધરાવું છું અને બીજે પ્રસંગે પણ મેં વ્યક્ત કર્યો છે.

શું તેમના સાધુસમાજમાં કે ગૃહસ્થવર્ગમાં, ધાર્મિક પ્રણાલિકા જૈન સમાજમાં જે પ્રમાણમાં જીવન્ત અને ચેતનવંતી રહી છે એટલી બીજી કોઇ કોમમાં ભાગ્યેજ રહી હશે, અને તે માટે જૈન કોમ વ્યાજબી ગૌરવ લઇ શકે છે.

મારા મિત્રશ્રી જીવરાજભાઇએ પોતાના જૈન ભાઈઓનું માનસ અધિકાંશ આર્થિક ઉપાર્જન તરફ ઢળેલું છે અને ધાર્મિક સાહિત્યથી વિમુખ નહિં તો તે તરફ ઉદાસીનતા છે એવી ટકોર કરી છે, એ વાત બરાબર નથી. વસ્તુસ્થિતિ મેં ઉપર કહ્યું તેમ તદ્દન ઉલટી અને જેને માટે જૈન કોમ વ્યાજબી અભિમાન લઈ શકે તેવા પ્રકારની છે, અને મારા આ કથન માટે આ જૈન ધર્મ પ્રસારક સભાની સાહિત્ય પ્રવૃત્તિ જ્વલંત દષ્ટાંત પૂરું પાડે છે.

આ કોમી મેળાવડો છે અને જૈન ધર્મ પ્રસારક સભા જે સ્તુત્ય કાર્ય કરી રહી છે તેમાં કોમની અસ્મિતા ને અભિમાન રહેલાં છે પણ આજે કોમનો એ ગુણ નહિં પણ દોષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મણાય છે એટલુંજ નહિં પણ જ્ઞાતિ અને કોમનો ઉચ્છેદ કરવાની અને Castless and Classless—જ્ઞાતિ અને કોમના ભેદભાવ વગરની સમાજવ્યવસ્થા સ્થાપવાની મહાત્વાકાંક્ષા સેવાય છે.

અત્યારની જ્ઞાતિ અને કોમની વ્યવસ્થા સર્વથા દોષમુક્ત નથી પણ તેમાં દોષ છે એટલે નિર્મૂળ કરવા જેવી છે એમ કહેવું એ વધારે પડતું છે. દોષ તો ઉપર ઉપરના છે અને તે સહેજે તરી આવે છે પણ જ્ઞાતિ અને કોમની અસ્મિતા છે તેથી સમાજને કેટલો લાભ છે તેનું મૂલ્યાંકન ઝટ થઈ શકે તેવું નથી.

કેટલાક મૂક આશીર્વાદો એવા હોય છે કે—જ્યારે તેનું અદર્શન થાય ત્યારે જ તેની સાચી કીમ્મત આંકી શકાય. ધારો કે-જ્ઞાતિ અને કોમ એકદમ નિર્મૂળ થાય તો અત્યારે જ્ઞાતિ અને કોમ દ્વારા જે ઉપયોગી કાર્યની સેવા થાય છે તે સેવાકાર્ય ઉપાડી લે તેવી બીજી વ્યવસ્થા ઉપલબ્ધ છે કે તુરત હસ્તીમાં લાવી શકાય તેમ છે કે કેમ ? તે પ્રશ્ન વિચારણીય છે.

શ્રી મોતીચંદભાઈ જેના આત્મા સમાન છે તે મહાવીર જૈન વિદ્યાલયનો જ દાખલો લઈએ.

કોમના યુવકોની કેળવણી માટે જે કીમતી સેવા આ વિદ્યાલયદ્વારા અત્યારે થાય છે તે તેના અભાવે શક્ય બનશે ? તેવી જ રીતે જૂદી જૂદી જ્ઞાતિઓ કોમ તરફથી વિદ્યાર્થી ગૃહ ઉપરાંત સેનીટેરીયમ, હોસ્પીટલ, દવાખાનાં, કોમના ગરીબ અને સામાન્ય સ્થિતિના માણસોને વખતસરની ગુપ્ત મદદ વિ. વિધવિધ પ્રકારની સેવા અને સગવડ પૂરી પાડવામાં આવે છે તેવી સગવડની જોગવાઈ કોમ અને જ્ઞાતિ નાબૂદ થતાં કાલની સરકાર કે બીજી સમાજવ્યવસ્થા સ્થપાય તે પૂરી પાડી શકશે ?

હજી અહીં સારે નસીબે કે કમનસીબે સમાજવાદી કે સામ્યવાદી સરકાર સત્તા ઉપર આવી નથી. અત્યારની સરકાર આપણા ભાઈઓની જ બનેલી છે અને દેશના જરૂરી ઉપયોગી ખર્ચને માટે કર (Taxation)માં સારો વધારો કરવો પડ્યો છે, લગભગ કરની અંતિમ હદ-( Taxationની લીમીટ )ને તે પહોંચી ગઈ છે છતાં કેળવણીની હાથ ધરેલી કેટલીક યોજનાઓ તેમને પડતી મૂકવી પડી છે. માધ્યમિક શિક્ષણ-( Secondary school)-નો બોજો પોતાને માથેથી ઉતારી ખાનગી લોકોના સાહસ ઉપર છોડી દેવા માગે છે એમ સાંભળવામાં આવ્યું છે.

બીજી દેશના ઉદ્યોગીકરણની જરૂરી યોજનાઓ પણ આર્થિક સાધનના અભાવે ખોરંભે પડી છે. આવી પરિસ્થિતિમાં કોમ અને જ્ઞાતિની અસ્મિતા ને અભિમાનની લાગણી નહિં રહે, કેળવણી વિ. પ્રદેશમાં જે આર્થિક સહાય્ય અને મદદનો પ્રવાહ વહે છે તે જ્ઞાત-જાતના ઉચ્છેદને પરિણામે બંધ થાય તો તેની ગરજ શી રીતે સરશે એ પણ એક મહાન્ પ્રશ્ન છે. પણ કેટલાક પ્રગતિશીલ વિચારના ભાઇઓ એમ કહે છે કે-જ્ઞાતિ, કોમ જેવી સંકુચિત ભાવના પોષતી સંસ્થાઓનો ભૂતકાળમાં ઉપયોગ ભલે હશે પણ ( In the New

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



set up of world affair ) દુનિયાના ફેરવાએલા સંયોગોમાં આ જ્ઞાતિ-કોમ એક Anachronism છે; આ સંબંધમાં પ્રસિદ્ધ અમેરિકન પત્રકાર Harold Isacs હિંદુસ્થાનના વિભાગીકરણ પછીની અહીંની સ્થાનિક પરિસ્થિતિના તટસ્થ નિરીક્ષણના પરિણામે તેમના એક પત્રમાં જે અભિપ્રાય વ્યક્ત કર્યો હતો તે લેખ અત્રે ટાંકવાનું મને મન થાય છે. તેઓ લખે છે કે:—

"India was able to absorb this staggering blow (of partition) precisely because it still had the old family and cast relationships, which almost alone remained as a social prop in a time of great upheaval." તેમના એક હિંદી મિત્રે Harold Isacsને વાતચિત દરમ્યાન એમ કહ્યું કે "I don't know how we could have managed otherwise. We never could have taken care of a fraction of the surging mass of Humanity, (Refugees) who came if it had not been for the old caste and family system; quite a paradox, is it not, for those of us whose great aim and struggle has been to do away with the caste system."

મતલબ કે-જો કે લાખોની સંખ્યામાં આવેલા નિરાશ્રિતોના પુનર્વસવાટ માટે આપણી સરકારે ઘણું કર્યું છે, બનતું કરવામાં કાંઇ કચાશ રાખી નથી એમ છતાં આ નિરાશ્રિતોનાં ટોળાંને તાત્કાલિક આશ્રય આપવામાં અને ઠેકાણે પાડવામાં સંયુક્ત કુટુંબ અને જ્ઞાતિના સંબંધને લઇને જેટલું શકય બન્યું છે તેના મુકાબલે સરકાર તરફથી લેવાએલા પગલાંઓથી ઘણી અલ્પાંશ મદદ અને સગવડ આપવાનું બની શકયું છે. આ વિધાન એટલું ગંભીર છે કે-દરેક વિચારશીલ પુરુષને જ્ઞાતિ અને કોમની સંસ્થા સાંપ્રત પરિસ્થિતિમાં પણ તદ્દન નિરુપયોગી અને નિર્મૂળ કરવા જેવી છે કે તે દ્વારા હજી ઉપયોગી અને જરૂરી સમાજ-સેવા શકય હોઇ સજીવન રાખવા જેવી છે તે વિષે વિચાર કરવાની ફરજ પાડે છે.

આજે હિંદુઓમાં સંગઠ્ઠનની જરૂર છે તેવે વખતે ભૂતકાળમાં જેનો વિચાર સરખો પણ તેમને આવ્યો નહોતો તેવી પોતાને હિંદુ જાતિથી અલગ અને જુદી ગણાવવા આ જૈન કોમમાં ભાવના ઉત્પન્ન થઇ છે. આનું કારણ શોધવાની જરૂર છે.

એક તરફથી આપણી સરકાર ધર્મ અને કોમથી નિરપેક્ષ આદર્શ સમાજ વ્યવસ્થાનો ઉદ્દ્ઘોષ કરે છે, બીજા હાથ તરફ આપણી પચરંગી ધારાસભા અને તેમાંય મૂળ દેશના બંધારણ ઘડવા માટે મધ્યસ્થ વિધાન સભા જૂદી જૂદી કોમના ધર્મ અને સમાજ-વ્યવસ્થામાં દખલ-દરમ્યાનગીરી થાય એવા ઉતાવળા અને અવિચારી કાયદા-કાનૂનો ઘડવાની પ્રવૃત્તિ આદરી રહી છે. પરિણામે, જૈન કોમ જેવી વ્યાપારી કોમની અસ્મિતા વિશેષ જાગૃત થાય છે અને પોતાને **હિંદુ જાતિથી અલગ ગણાવાની** પ્રવૃત્તિ હાથ ધરવાની તેને આવશ્યકતા જણાય છે.

આ ખરેખર અતિ ખેદજનક પરિસ્થિતિ છે અને સ્થિતિ વધારે કથળે નહિં માટે વિચારવંત જનતાએ સવેળા જાગૃત થઇ કાયદેસર યોગ્ય ઉપાય-ઇલાજ હાથ ધરવાની જરૂરી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાત છે. આવું આવું મને ઘણું કહેવાનું મન થાય છે પણ આ પ્રસંગને માટે એ અપ્રસ્તુત ગણાય એટલે વિશેષ કહેતાં અચકાઉં છું અને આટલું અપ્રસ્તુત જેવું લાગે તે મેં કહ્યું છે તે પણ આ સભાનું અસ્તિત્વ અને પ્રવૃત્તિ ધાર્મિક અને કોમી લાગણી અને ભાવનાને આભારી છે એટલે અમુક અંશે ઉપર જે મેં કહ્યું છે તે સાવ અપ્રસ્તુત નહિં લેખાય એમ સમજીને કહ્યું છે.

શ્રી મોતીચંદભાઈની મુંબઈના શહેરી તરીકે અને મુંબઈના એક આગેવાન કોંગ્રેસ કાર્યકર તરીકે તેમની બજાવેલી સેવાનો ઉલ્લેખ વકીલ શ્રી ભાઈચંદભાઈએ કર્યો છે, તે ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે શ્રી મોતીચંદભાઈ જૈન ધર્મ અને કોમના એક સારા સેવક છે તેથી એક શહેરી અને હિંદી તરીકે તેમની ઉપયોગિતા કોઈ રીતે ઓછી થઈ નથી.

મતલબ કે કોમ અને ધર્મની સેવા, રાષ્ટ્રભાવનાને બાધક ન હોય તો તે કોઈ રીતે અનાદરણીય નથી.

સમાજ પણ જ્ઞાતિ અને કોમનો બનેલો છે અને જ્ઞાતિ કે કોમ જેટલે અંશે કેળવણીનો કે બીજો વ્યવહારિક પોતાનો ભાર પોતે ઉપાડી લઈને વિકાસ સાધે અને પ્રગતિ કરે તેટલે અંશે આખા સમાજની પણ પ્રગતિ થાય છે અને તે પ્રમાણમાં સમાજને કોમ અને જ્ઞાતિ પૂરતો ભાર ઓછો ઉપાડવાનો રહે છે. તાત્વિક વાસ્તવિક દૃષ્ટિએ તો સંયુક્ત કુટુંબ શું ? કે શું જ્ઞાતિ કે કોમ ? એના પાયામાં અત્યારે લોકપ્રિય બનેલી સમાજ કે સામ્યવાદી વિચારસરણીનો વ્યવહારિક રીતે અમલ થતો જોવામાં આવે છે.

સમાજ અને સામ્યવાદી આદર્શમાં from each according to its capacity and to each according to its need દરેક માણસ પાસેથી તેની શક્તિ પ્રમાણે લઈ બીજા દરેકને તેની જરૂરીયાત પ્રમાણે વહેંચણ કરવી એ મૂળભૂત ભાવના મુખ્ય રહેલી છે અને સંયુક્ત કુટુંબ અને જ્ઞાતિમાં પણ જે અંગભૂતો પછાત અને સાધન વગરના હોય તેમને સંભાળવાની, તેમનો ભાર ઉપાડવાની જીવંત ભાવના ઓછાવત્તા અંશે અમલમાં મૂકાએલી જોવામાં આવે છે.

આ બધા વિચારના પરિણામે જેઓ હાલની સમાજવ્યવસ્થાને નિર્મૂળ કરવાની પ્રવૃત્તિ આદરવા પ્રેરાયા છે તેઓએ ઘડીભર થોભવાની અને વિચાર કરવાની જરૂર છે કે તેઓ ખરે રસ્તે છે કે ખોટે ?

પ્રસ્તુત અને પ્રસ્તુત ઘણું કહીને મેં આપનો કીંમતી સમય લીધો છે પણ જે વિષમ કાળમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ તેમાં દરેક સમજદાર અને જવાબદાર વ્યક્તિની ફરજ છે કે-પોતે ક્યાં ઉભા છે ? અને કઈ દિશા તરફ ઢસડાઈએ છીએ અને તે ઉન્નતિનો માર્ગ છે કે અવનતિનો તે વિષે શાન્તિથી વિચાર કરવો.

શ્રી મોતીચંદભાઈને સન્માનીને આ સભા, હું અગાઉ કહી ગયો છું તેમ, પોતાને જ માન આપે છે.

શ્રી મોતીચંદભાઈ સારા આરોગ્ય સહ દીર્ઘાયુ ભોગવે અને આ સભા તેમજ જૈન ધર્મ અને સંઘની બીજી અનેકાનેક સેવા કરવાને શક્તિવાન થાય એમ હું અંતઃકરણથી ઇચ્છું છું. ફરીથી આ પ્રસંગે હાજર રહેવાની મને તક આપી તે માટે આપ સર્વનો ઉપકાર માનું છું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ સ્વતંત્ર ને પ્રાચીન ધર્મ છે

[ ભાવનગર શામળદાસ કૉલેજના પ્રિન્સીપાલ પ્રતાપરાય મોહનલાલ મોદીએ શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીયાને શ્રીયશોવિજયજી ગ્રંથમાળા–ભાવનગર તરફથી અર્પણ કરવામાં આવેલ સુવર્ણ ચંદ્રકના મેળાવડામાં પ્રમુખસ્થાનેથી આપેલ મનનીય ભાષણનો ઉપયોગી ભાગ. ]



પ્રતાપરાય મોહનલાલ મોદી
પ્રિન્સિપાલ શામળદાસ કૉલેજ–ભાવનગર.

## ૧. પ્રાચીનતા.

વિદ્વાનો માને છે કે સાંખ્ય, યોગ, જૈન અને બૌદ્ધ એ ચાર જ્ઞાન અને ધર્મના પ્રવાહો સમકાલીન અને હિન્દના ઘણા જ પ્રાચીન ધર્મો છે. દુઃખમય સંસાર-ચક્રમાંથી મુક્ત થવું અને સમ્યગ્ જ્ઞાનદ્વારા મોક્ષ મેળવવો એ આ ચારેય દર્શનોનું ધ્યેય છે–જો કે સાક્ષાત્કારની પદ્ધતિમાં ચારેય દર્શનોને મતભેદ છે.

સાંખ્ય, યોગ અને જૈન એ ત્રણેય દર્શનો આત્મા અને અનાત્મા, ચેતન અને જડનું દ્વૈત સ્વીકારે છે. બૌદ્ધ દર્શન કોઇપણ સ્થાયી, નિત્ય તત્ત્વને સ્વીકારતું નથી, કેમકે બૌદ્ધ દર્શનમાં બધી વસ્તુઓ ક્ષણિક છે.

જૈન ને બૌદ્ધ દર્શનોમાં આવો તાત્ત્વિક ભેદ હોવા છતાં એમના બાહ્ય રૂપમાં જે સમાનતા છે, તેથી હિન્દના જ લેખકોએ કોઇ વાર ભૂલ ખાધી છે; ને યુરોપના વિદ્વાનોને જૈન શાસ્ત્રોનો સારો પરિચય ન હતો ત્યારે તો તેમણે એવી ભૂલ કરી હતી કે જૈન ધર્મ, એ બૌદ્ધમાંથી નીકળેલો એક ધર્મ છે.

આ ભૂલ ઘણા વખત ઉપર સુધરી છે, અને યુરોપના વિદ્વાનો જાણતા થયા છે કે જૈન ધર્મ બૌદ્ધ ધર્મથી અર્વાચીન તો નથી જ કેમકે જૈન અને બૌદ્ધ બન્નેના પ્રાચીનમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાચીન પુસ્તકોમાં બન્નેના નામો પરસ્પર સાથે જ આવે છે. નિગ્ગન્થ, નાતપુત્ત મહાવીરના નિર્વાણની જગ્યા પાવાપુરી બૌદ્ધ ગ્રન્થોમાં આવે છે, તેવી રીતે જૈન ગ્રન્થોમાં બુદ્ધના વખતના રાજાઓ વગેરેના નામો આવે છે. યુરોપીય વિદ્વાનો માનતા થયા છે કે મહાવીર ઉમ્મરમાં બુદ્ધથી મોટા હતા.

પણ ખરી વાત તો એ છે કે બુદ્ધ ભગવાન તો બૌદ્ધ ધર્મના સ્થાપક હતા, પણ મહાવીર ધર્મના સ્થાપક નહિ, પણ મહાવીરથી ઘણી જૂની એક પરંપરામાં જન્મ્યા હતા. બુદ્ધને બોધિવૃક્ષ નીચે બુદ્ધના તાત્ત્વિક સત્યોનું જ્ઞાન થયું, એમ મહાવીરને જૈન ધર્મના સત્યો જડ્યા, એમ કોઇ ઠેકાણે કહ્યું નથી. બુદ્ધ ભગવાનનો પ્રથમ ઉપદેશ અથવા પ્રથમ આપેલા ઉપદેશોમાં જેમ સિદ્ધાન્તો કહ્યા છે, તેમ મહાવીર વિશે જૈન ગ્રન્થોમાં કંઈ જણાતું નથી. માત્ર મહાવીર શ્રમણ થયા ને ૧૨ વર્ષ પછી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું, એ બે મુખ્ય બનાવો જૈન ગ્રન્થોમાં મળે છે. બુદ્ધ ભગવાન પ્રથમ કોઇ ગુરુ કે ગુરુઓના શિષ્ય થયા, પછી એ ગુરુઓના સિદ્ધાન્તોથી એમને અસંતોષ થયો અને એ સિદ્ધાન્તોનો બુદ્ધ ભગવાને ત્યાગ કર્યો, એમ બૌદ્ધ ગ્રન્થોમાં છે, પણ એવી કોઈ વાત મહાવીર માટે જૈન ગ્રન્થોમાં નથી કહેવાઇ. મહાવીરને જ્યારે કેવળજ્ઞાન થયું ત્યારે કંઇ નવીન જડ્યું, એમ જૈન સંપ્રદાયમાં નથી કહેવાયું. જ્યારે બુદ્ધ ભગવાનને તો જ્યારે જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે કંઇક તદ્દન નવીન જડ્યું એમ સ્પષ્ટ કહ્યું છે.

ટૂંકમાં મહાવીર જૈન ધર્મના સ્થાપક નહિ, પણ છેલ્લા Prophet-છેલ્લા તીર્થંકર છે. મહાવીરના પૂરોગામી પાર્શ્વનાથે જૈન ધર્મના સ્થાપનામાં સારો ફાળો આપ્યો હતો, એમ મનાય છે. પાર્શ્વનાથ પછી ૨૫૦ વર્ષે મહાવીર થયેલા. ઉત્તરાધ્યયન સૂત્ર( ૨૩ )માં એક સ્થળે કહ્યું છે કે-પાર્શ્વનાથના એક શિષ્ય અને મહાવીરના એક શિષ્ય મળ્યા હતા, એમણે બન્નેએ જૂના મત અને નવા જૈન મતનો સંયોગ-એકતા કરી હતી.

## ૨. જૈન સંપ્રદાય મુજબ જૈન ધર્મની પ્રાચીનતા

જૈન મત સનાતન છે; અનન્ત તીર્થંકરો થયા છે ને થશે. ચાલતી 'અવસર્પિણી'માં પ્રથમ તીર્થંકર ઋષભદેવ ને ૨૪ મા તીર્થંકર વર્ધમાન હતા. બધા તીર્થંકરો ક્ષત્રિય હતા. ૧૯ મા તીર્થંકર મલ્લી હતા. શ્વેતામ્બર મત મુજબ મલ્લી એક સ્ત્રી તીર્થંકર હતા; પણ દિગમ્બર મત મુજબ મલ્લી, પુરુષ તીર્થંકર હતા; કેમકે દિગમ્બર મત મુજબ સ્ત્રીને મોક્ષ મળતો જ નથી.

હરમન યાકોબીના લખવા મુજબ ઋષભદેવ ( પ્રથમ ), અને નેમિનાથ ( ૨૨ ), પાર્શ્વનાથ ( ૨૩ ) અને વર્ધમાન ( ૨૪ ) એ ચાર તીર્થંકરો સવિશેષ પૂજાપાત્ર ગણાય છે; પરંતુ બધા તીર્થંકરો સરખા જ પૂજ્યપાત્ર ગણાય છે. મથુરામાં કંકાલી નામના ખંડેરો જડ્યા છે, તે ઉપરથી જણાય છે કે તીર્થંકરોની પૂજા ઇ. સ.ના પ્રથમ સૈકામાં પ્રચારમાં હતી જ.

પટણાની ઉત્તરે ૨૭ માઇલ ઉપર આવેલા 'બસાર' ગામને 'વૈશાલી' કહેવામાં આવતું. વૈશાલી મોટું શહેર હતું, એ શહેરનું એક પરૂં 'કુંડગ્રામ' હતું. ત્યાં જ્ઞાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાતમાં મહાવીરનો જન્મ હતો. કલ્પસૂત્ર અને આચારાંગ સૂત્રમાં આ બધી વાત આવી છે, એમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ૪૨ વર્ષ સુધી ઉપદેશ કર્યો ને એમના ૧૧ શિષ્યો મુખ્ય હતા, જેમને 'ગણધર' કહેવામાં આવે છે.

### ૩. શ્વેતામ્બરોના શાસ્ત્રગ્રન્થો

દિગમ્બરોને આ ગ્રન્થો મૂળ ગ્રન્થો તરીકે માન્ય નથી. આ ગ્રન્થો મહાવીરના પોતાના નથી, પણ આ ગ્રન્થોમાંથી કેટલાકમાં પોતાના શિષ્ય ગૌતમ એટલે ઇન્દ્રભૂતિને મહાવીરે આપેલ ઉપદેશો છે અને આ ઉપદેશો પોતાના શિષ્ય જમ્બૂસ્વામીને મહાવીરના બીજા શિષ્ય ગણધર સુધર્માએ કહેલા એમ પરંપરા છે.

૧૪ પૂર્વ નામના ગ્રન્થો ધીરે ધીરે લુપ્ત થયા છે.

હાલમાં ૧૧ અંગો, ૧૨ ઉપાંગો, ૧૦ **પઇણ્ણા** ( પ્રકીર્ણક-ગ્રન્થો ), ૬ છેદસૂત્રો, નન્દી અને અનુયોગદ્વાર અને ૪ મૂલસૂત્રો એમ કુલ ૪૫ ગ્રન્થો મળે છે.

ઘણા જૂના સમયથી આ ગ્રન્થો મુખપાઠથી ગુરુશિષ્યપરંપરાથી રક્ષિત થયેલા. મહાવીર નિર્વાણ પછી ૪૮૦ વર્ષ ( એટલે ઇ. સ. ૪૫૪માં ) દેવર્દ્ધિગણિના હાથ નીચે આ ગ્રન્થો પુસ્તકાકારે લખાયા એમ કહેવાય છે.

વિદ્વાનોનો મત છે કે આ ગ્રન્થો મૂળ પાઠમાંથી પુસ્તકાકારે લખાયા તે દરમિયાન આ ગ્રન્થોમાં ક્ષેપકો ઉમેરાયા. ભાષા મૂળ અર્ધમાગધી હતી તે હવે માગધી છે. એક મત એવો છે કે આ શાસ્ત્રગ્રન્થોની ભાષાને 'જૈનપ્રાકૃત' કહેવી અને ત્યારપછીના ગ્રન્થોને "જૈન મહારાષ્ટ્રી" કહેવી. આમાંના ગ્રન્થો ઉપર ટીકાઓ અને ભાષ્યો લખાયા છે. આ શાસ્ત્રગ્રન્થો ઉપરાંત જૈનધર્મના સિદ્ધાન્ત અથવા સિદ્ધાન્તના અમુક ચોક્કસ ભાગ ઉપર પ્રાકૃત અને સંસ્કૃત સેંકડો ગ્રન્થો પુસ્તકાકારે લખાયા છે. આ ગ્રન્થો સ્પષ્ટતાથી અને ચોક્કસ રીતે લખાયા છે. અને એના ઉપર પણ ટીકાઓ લખાઇ છે. ઉમાસ્વાતિનું તત્ત્વાર્થાધિગમ સૂત્ર આવો ગ્રન્થ છે. શ્વેતામ્બર અને દિગમ્બર બન્નેને આ ગ્રન્થ સ્વીકાર્ય છે. વિનયવિજયજી-( ૧૬૫૨ )નો **લોકપ્રકાશ** નામનો ગ્રન્થ જૈનમતનો encyclopoedia કહેવાય છે.

જૈનોમાં ધાર્મિક સાહિત્ય ઉપરાંત કાવ્ય, ગદ્યરચના અસંખ્ય ગ્રન્થો છે; ખાસ કરીને **કથા-સાહિત્ય** મોટું છે, જેમાં ધાર્મિક મત કે નૈતિક સિદ્ધાન્ત શીખવવાનો ઉદ્દેશ હોય છે. હરિભદ્રની સમરાઇચ્ચકહા અને **સિદ્ધર્ષિ**ની રૂપક ( Allegory ) કથા ઉપમિતિ-ભવપ્રપંચ-કથા એ આવી કથાઓ છે. 'પઉમચરિય'-રામાયણનું જૈન version અવતરણ છે. તદુપરાંત ઘણા સુંદર પ્રાકૃત, સંસ્કૃત જૈન સ્તોત્રો છે. જૈન નાટકો છે, વ્યાકરણ, કોશગ્રન્થો, દાર્શનિક ગ્રન્થો, છન્દશાસ્ત્રના ગ્રન્થો, અલંકાર ગ્રન્થો છે.

### ૪. જૈન સિદ્ધાન્તો

જૈન સિદ્ધાન્તોના બે મુખ્ય ભાગ છેઃ—( ૧ ) દર્શન અને ( ૨ ) આચાર.

દર્શનના મુખ્ય વિષયો ત્રણ છેઃ—Ontology-જગતનું મૂળતત્ત્વ, Metaphysics

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇશ્વર, અને Psychology-જીવ. આચારના સિદ્ધાન્તો બે ભાગમાં છે.—( ૧ ) યતિ-ધર્મ, ( ૨ ) ગૃહસ્થ ધર્મ.

**દર્શન:**—ઉપનિષદોમાં કૂટસ્થ નિત્ય બ્રહ્મનું પ્રતિપાદન છે; એમ મનાય છે. જૈન મતમાં જગતનું સત્ તત્ત્વ પરિણામી નિત્ય છે. સત્ તત્ત્વને ઉત્પત્તિ, સ્થિતિ ને નાશ સાથે સંબંધ છે. વસ્તુના અનન્ત રૂપ અને ગુણો દેખાય છે, મૃત્તિકા ભલે નિત્ય હોય, પણ ઘટાકાર અને રંગ અનિત્ય છે. આ મતને "Non-Absolutism of Being" એટલે "અનેકાન્તવાદ" કહેવાય છે.

'અનેકાન્તવાદ' સ્થાપન અને પ્રતિપાદન કરવાની પદ્ધતિ 'સ્યાદ્વાદ' કહેવાય છે. આ પદ્ધતિ જૈનમતમાં એટલી બધી અગત્યની છે કે જૈનમતને જ 'સ્યાદ્વાદ દર્શન'નું નામ પણ અપાય છે. **स्याद्वाद** નો સહાયક જે તર્કમાર્ગ તેને **सप्तभङ्गी नय** કહેવાય છે ચર્ચા-વિષયભૂત વસ્તુ, સ્વભાવ ( substance ), દેશ ( place ), કાલ ( time ) અને વસ્તુસ્વરૂપ ( state of being ) એ ચાર દૃષ્ટિબિન્દુથી જોઈ શકાય છે.

ટૂંકમાં હિન્દુઓ જ્યારે philosophy ની વાત કરે છે ત્યારે માત્ર Transcendental Being ની વાત કરે છે માટે બ્રહ્મને કૂટસ્થ નિત્ય કહે છે. જૈનો જ્યારે Philosophy ની વાત કરે છે ત્યારે આપણા દરરોજના અનુભવમાં રહેલી સત્તા Being in common experience ની વાત કરે છે. જો આ દૃષ્ટિભેદ સમજીએ તો હિન્દુ ને જૈનમતોનો વિરોધ વિરોધાભાસ જેવો લાગશે.

જૈન તત્ત્વજ્ઞાનમાં દ્રવ્ય substances બે પ્રકારના છે. ( ૧ ) અજીવકાય ( lifeless things ) અને જીવ ( souls ) જૈનદર્શનના આ ભાગની સવિસ્તર પ્રક્રિયાનું વર્ણન અહીં અસ્થાને છે. જૈન **पुद्गल** atoms માં માને છે. અને પૃથ્વીને 'પૃથ્વીકાય' કહે છે. તેથી હર્મન યાકોબી માને છે કે ઉપનિષદથી પણ પ્રાચીન કોઈ જડ પૃથ્વીને ચેતન માનનારો મત હશે તે જૈનોએ અપનાવેલો.

જૈન મતમાં સંસારી જીવો સૂક્ષ્મ જડતત્ત્વ એટલે સૂક્ષ્મ મહાભૂત તત્ત્વથી ભરેલ છે. અને મુક્ત એટલે નિર્વાણ પામેલ જીવો જડતત્ત્વથી મુક્ત શુદ્ધ છે.

જીવાત્મામાં અશુદ્ધતા કેવી રીતે આવે છે? સૂક્ષ્મધાતુ જીવાત્મામાં પ્રવેશે છે, તે સૂક્ષ્મ ધાતુ **कर्म** બને છે. સામાન્ય રીતે જીવાત્મા રાગદ્વેષ( કષાય )ને પસંદ કરે છે. આ રીતે આવેલી સૂક્ષ્મધાતુ જીવાત્મા સાથે જોડાઇને એક chemical combination થાય છે. તેનું નામ "બન્ધ." જ્યારે એક જીવમાંથી આ કર્મરૂપી ધાતુ નાશ પામે છે ત્યારે તે વિનાશને નિર્જરા કહેવાય છે. મુક્ત જીવ કર્મના પુદ્દગલથી તદ્દન મુક્ત થએલ હોય છે.

જૈન લોકો અહિંસાને પરમ ધર્મ માને છે, આ કારણથી જીવોના એટલે જીવતાં પ્રાણીના પ્રકાર વિશે, જે વિચાર જૈનમતમાં કરવામાં આવ્યો છે, તેવો સૂક્ષ્મ વિચાર બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનમાં નથી કરવામાં આવ્યો. જૈનો જીવન્ત પ્રાણીઓને ઇન્દ્રિયોની સંખ્યા ( number of sense organs ) પ્રમાણે વિભાગ પાડે છે. એકેન્દ્રિય પ્રાણીઓથી માંડીને પંચેન્દ્રિય પ્રાણીઓ સુધીનું વર્ગીકરણ જૈન ગ્રન્થોમાં છે. એકેન્દ્રિય જીવોનો વિચાર જૈન દર્શનની એક વિશિષ્ટતા છે, એકેન્દ્રિય જીવોને માત્ર સ્પર્શેન્દ્રિય જ હોય છે. નાના છોડવા એટલે કે રોપાઓ એકેન્દ્રિય જીવો છે. રોપમાં જીવ છે. એ માન્યતા ભારતના દરેક દર્શનમાં છે, પણ જૈનોએ એ માન્યતાનો જે વિકાસ કર્યો છે તે જૈનો સિવાય ઇતર દર્શનમાં નથી. જૈનો કહે છે કે કેટલાક રોપામાં અનેક જીવાત્માઓ હોય છે અને તે બધા જીવાત્માઓ શ્વાસોશ્વાસ તથા પોષણ આહારનું કામ ભેગું કરે છે.

જૈન દર્શનનો ( ૮ ) કર્મપુદ્‌ગલનો સિદ્ધાન્ત અને ( ૬ ) લેશ્યાનો સિદ્ધાન્ત જૈનોના ખાસ બે સિદ્ધાન્તો છે.

## ૫. જૈન નીતિશાસ્ત્ર.

જૈન નીતિશાસ્ત્રનું ધ્યેય નિર્વાણ એટલે મોક્ષ છે. નિર્વાણ સાધન સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યક્ ચારિત્ર છે, એ ત્રણને ત્રિરત્ન ( Three jewels ) કહેવાય છે.

આ ત્રિરત્ન પોતામાં પ્રકટ કરવા માટે જૈન ગ્રન્થોમાં " પંચ વ્રતો " બતાવ્યા છે. ( ૧ ) અહિંસા, ( ૨ ) સત્ય, ( ૩ ) અસ્તેય, ( ૪ ) બ્રહ્મચર્ય, ( ૫ ) અપરિગ્રહ. આ આચારના નિયમો છે. બૌદ્ધ અને બ્રાહ્મણોના પાંચ વ્રતમાં શૌચ આવે છે, જ્યારે અહીં " અપરિગ્રહ " નો ઉપદેશ છે. જૈન સાધુઓએ આ વ્રતો અક્ષરશઃ સંપૂર્ણ રીતે પાલન કરવાના છે, માટે તેમને માટે આ પાંચ મહાવ્રતો છે. જૈન ગૃહસ્થોએ આ પાંચ વ્રતો મર્યાદિત રીતે શરૂ કરીને ધીરે ધીરે વધારતા જવાના છે, માટે ગૃહસ્થો માટે આ વ્રતો અણુવ્રતો છે.

આ ઉપરાંત માત્ર શ્રાવકો માટે ત્રણ ગુણવ્રતો ને ૪ શિક્ષાવ્રતો પણ છે. **સામાયિક** અને **પૌષધોપવાસ** શબ્દો ઘણા જૈનેતર ભાઇઓ જાણતા હશે. એ બે શિક્ષાવ્રતો ( disciplinary vows ) છે. સામાયિકનો અર્થ સ્થિર આસને બેસી ૪૮ મિનિટ સુધી પવિત્ર વસ્તુઓનું ધ્યાન ધરવું, અને તે સમયે તમામ પાપકર્મો ત્યજી દેવાં. પૌષધોપવાસ એટલે શુક્લ પક્ષની અષ્ટમી, ચતુર્દશી અથવા પૂર્ણિમાને દિન, મહિનામાં એક વાર પણ જૈન સાધુની જેમ રહેવું.

ગૃહસ્થોને સંન્યાસ લેવાની ફરજ પાડ્યા વિના સાધુ જીવન(monastic life )નું પુણ્ય અને પવિત્રતાનો લાભ સહેલાઇથી મળી શકે, એવી આ એક યોજના છે. બીજા ધર્મમાં ગૃહસ્થોનું જીવન સંન્યાસીના friends કે patrons જેવું છે, જ્યારે જૈન ધર્મમાં ગૃહસ્થ ને સંન્યાસી બન્ને એક જ પંચ વ્રત પાળે છે, એટલે જૈન ગૃહસ્થો જૈન સાધુઓથી જુદા–તદ્દન જુદી ભૂમિકા ઉપર હોય તેવા લાગતાં નથી. હિન્દુઓમાં વાનપ્રસ્થાશ્રમ હતો ત્યારે અને હાલ પણ ગૃહસ્થો સંન્યાસીથી જૂદા પડી જાય છે, તેવું જૈનોમાં ન હતું. આ કારણસર જૈનોને સુધારો કરવાની જરૂર ન જણાઇ ને બે હજાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષોથી જૈન ગૃહસ્થો અને જૈન સાધુઓ સમાનતાથી ગાઢ સંપર્કથી સાથે રહી શકયા છે. બૌદ્ધ ધર્મમાં સંન્યાસીઓ ને ગૃહસ્થો વચ્ચે મહાન અન્તર રહેતું. યુરોપીય વિદ્વાનો આને democratic aspect of Jainism કહે છે. તપના અનેક પ્રકારો જૈન ધર્મમાં છે. તે સર્વમાં Fasting ઉપવાસ બહુ જ ધ્યાન ખેંચે છે. યુરોપીય વિદ્વાનોએ નોંધ કરી છે કે જૈન ધર્મમાં ઉપવાસ એક કળારૂપે છે. અને ઉપવાસની કળામાં જૈનધર્મ પારંગત છે, 'ઉપવાસ' ના પણ અનેક પ્રકારો જૈનધર્મમાં છે.

'ઉપવાસ'ની જેમ આન્તર અથવા આધ્યાત્મિક તપનો એક પ્રકાર જેને પ્રતિક્રમણ કહેવાય છે તે છે, પ્રતિક્રમણ તેવું તપ છે કે જેમાં આચારના નિયમોનો ભંગ કર્યાનું પ્રાયશ્ચિત થાય છે અને પશ્ચાત્તાપ થાય છે.

## ૬. જૈનધર્મની હાલની સ્થિતિ

એમ કહેવાય છે કે અત્યારે ૧૫ લાખ જૈનો એટલે જૈનધર્માનુયાયીઓ હિંદમાં એક-ન્દર છે. હર્મન યાકોબીએ લખ્યું કે જૈનોની સંખ્યા બહુ નાની છે. તેનું કારણ એ છે કે જૈનધર્મ અસંસ્કારી વર્ગો( uncultivated masses )નો નથી, પરંતુ ઉપલા ઊંચા વર્ગનો એ ધર્મ છે, અને સંખ્યાને લીધે જૈનોનું જે સ્થાન હોત તેના કરતાં ઘણું ઊંચું સ્થાન જૈનો ભોગવે છે.

જૈનધર્મ મુજબ એક સામાન્ય ગૃહસ્થ દીક્ષા ગ્રહણ કર્યા પછી ગુરુ કે આચાર્ય પદે પહોંચી શકે છે, તે ઉપાધ્યાય, આચાર્ય, વાચક, ગણિ, વગેરેનું સ્થાન મેળવી શકે છે.

પશ્ચિમના ઘણા વિદ્વાનોએ જૈનોના ધર્મના વર્ણનમાં "પાંજરાપોળની" સંસ્થાના વખાણ કર્યા છે, અને એને જૈન ધર્મની એક વિશિષ્ટ સંસ્થા કહી છે.

## ૭. જૈનધર્મનો ઇતિહાસ

કલ્પસૂત્રમાં જે સ્થવિરાવલી આપી છે. તે મહાવીરના શિષ્ય સુધર્માથી શરૂ થાય છે અને તેત્રીસમા મહાન ધર્માચાર્ય શાંડિલ્યથી પૂરી થાય છે. બ્યુલર નામના જર્મન પંડિતે મથુરામાંથી જડી આવેલા શિલાલેખો ઉપરથી સાબિત કર્યું છે કે આ સ્થવિરાવલીને ઇતિહાસનો આધાર છે. શ્રી હેમચંદ્રાચાર્યના "પરિશિષ્ટ"માં અને ત્યારપછી ૧૪૧૦માં શ્રી મુનિસુંદરસૂરિની "ગુર્વાવલી" અને બીજી ગુર્વાવલીઓ તથા પટ્ટાવલીઓમાં જૈન ધર્મગુરુઓનો ઇતિહાસ છે.

શિલાલેખોમાંથી શ્રાવકોનો ઇતિહાસ જડે છે, તેમાં જૈન જ નહિ, પણ જૈનધર્મ તરફ સદ્‌ભાવ ધરાવતા રાજાઓનો ઇતિહાસ વિશેષ જડે છે, સમ્રાટ્ અશોકનો પૌત્ર પ્રથમ મહાન રાજા થયો, એમ એક મત છે, પરંતુ શ્રી હેમચંદ્રાચાર્યે ગુજરાતના રાજા કુમારપાલને જૈનમતાનુયાયી કર્યો, એ એક મહાન અગત્યનો ઐતિહાસિક બનાવ છે.

જૈન ધર્મના ઇતિહાસમાં જૈનોમાં જે વિભાગો પડ્યા તેનો નિર્દેશ પણ કરવો જોઇએ. મહાવીરના જમાઇ, જમાલીએ પહેલીવાર જૈનોમાં બે વિભાગ પાડ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારપછી છ વાર વિભાગો પડયા હતા. આઠમો વિભાગ પડયો ત્યારે શ્વેતામ્બર ને દિગમ્બર જુદા થયા; અને તે બનાવ મહાવીર પછી ૬૦૯ મે વર્ષે એટલે ઈ. સ. ૮૩ માં થયો. યુરોપના વિદ્વાનો કહે છે કે શ્વેતામ્બર ને દિગમ્બર-એમ બે ભાગ પડેલા નહિ, પણ જુદે જુદે સ્થળે જૈન મતનો જુદો જુદો વિકાસ થએલો માટે આવા બે સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા.

જૈન ધર્મના ઇતિહાસ માટે કોઈએ શિલાલેખો એને ગુર્વાવલીઓ સાથે રાખીને અભ્યાસ કરવાની જરૂર છે.

મહાત્મા ગાંધીજીના જીવનમાં જૈન ધર્મની 'અહિંસા' ની કેટલી ને કેવી અસર થઇ તે જાણીતી વાત છે. જૂના વખતમાં જૈન સિદ્ધાન્ત માટે S. B. E માં H. Jacobi ના પુસ્તકો પ્રમાણભૂત ગણાતા હતા. હવે તો પંડિત સુખલાલજી, મુનિ જીનવિજયજી, પંડિત બેચરદાસજી, પંડિત લાલચંદભાઇ વગેરેના ગ્રન્થો આપણને ગુજરાતીમાં પ્રાપ્ય છે, અને તદુપરાંત અનેક મુનિમહારાજોના પુસ્તકો પણ મળે છે. જૈન ધર્મની સ્પષ્ટ સમજાણ માટે સ્વ. વિજયધર્મસૂરિજીના પ્રયત્નો યાદ આપે છે. એમનું કામ તેમના શિષ્ય જયન્તવિજયજીએ ચાલુ રાખ્યું હતું અને એમની પછી મુનિ વિશાલવિજયજી તથા યશોવિજય ગ્રન્થમાળાએ ચાલુ રાખ્યું છે તે સ્તુત્ય છે. આ સ્થળે મારે કહેવું જોઇએ કે હજુ સુધી જૈન ગ્રન્થોનો અભ્યાસ અને ભાષાન્તર વગેરેનું કામ જેટલું જૈનોએ કરવું જોઇએ તેટલું થયું નથી.

સામળદાસ કોલેજમાં જૈનોએ એક જૈન સાહિત્યની chair સ્થાપવી જોઇએ, અથવા તેના જેવી કંઇક બીજી વ્યવસ્થા કરવી જોઇએ. હું પોતે તો ભાવનગરમાંથી બહાર પડતાં જૈન ગ્રન્થોના ભાષાન્તર વગેરેના કાર્યમાં દેખરેખ કરવામાં વિનાવેતન સહકાર આપવા તૈયાર છું. હું માનું છું કે ભાવનગરની આવી પ્રવૃત્તિમાં ઉપયોગી થવું એ મારી ફરજ છે.

જ્યારે ઉપકુલપતિ યુની. નું Inspection કોલેજમાં આવ્યું ત્યારે મને અને પૂ. દાદાણી સાહેબને એના સભ્યોએ પૂછેલું કે તમે સા. કો. માં માગધીભાષા કેમ નથી શીખવતા ? ભાવનગરમાં જ્યારે લોકશાહી સ્થપાઇ ત્યારે મને બળવંતભાઇએ કહ્યું હતું કે શામળદાસ કોલેજમાં અર્ધમાગધી શીખવવાની સગવડ થાય, એવી માગણી કરો. મેં એવી માગણી કરી હતી; ને હાલમાં સૌરાષ્ટ્ર સરકાર એક કોલેજમાં અર્ધમાગધી દાખલ કરવાની દરખાસ્ત ઉપર વિચાર કરે છે.

ભાવનગરમાં M. A, માં અર્ધમાગધી મુખ્ય ભાષા તરીકે લેનારને રૂા. ૫૦) ની બે સ્કોલરશીપોનો પ્રબંધ જૈનોએ કરવો જોઇએ એવી મારી નમ્ર સૂચના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શહેર ભાવનગરના શ્રી જૈન સંઘ તરફથી શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીયાને સન્માનપત્ર અર્પણ કરવાનો મેળાવડો.

આ મેળાવડો સમવસરણના નામથી ઓળખાતા વંડાના આલેશાન ચોકમાં મોટો સમીયાનો નાંખી તા. ૧૫-૧૨-૪૯ના રોજ સાંઝના સૌરાષ્ટ્ર હાઇકોર્ટના માનવંતા ચીફ જસ્ટીસ સર હરિસિદ્ધભાઇ દીવેટીયા સાહેબના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવ્યો હતો. જૈનો અને જૈનેતરોથી સમીયાનો ભરાઇ ગયો હતો. આમંત્રણ પત્રિકા વાંચ્યા બાદ શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશીએ પ્રમુખ માટે દરખાસ્ત મૂકતાં શ્રી દિવેટીયા સાહેબનો ટૂંક પરિચય આપ્યો હતો. તેઓ સાહેબે મુંબઇ હાઇકોર્ટમાં લાંબો વખત પ્રેકટીસ કરી હતી. ત્યારબાદ હાઇકોર્ટના એક માનવંતા ન્યાયમૂર્તિ તરીકે તેમણે લાંબો વખત કામ કર્યું હતું. રીટાયર થયા પછી તેઓએ ઔદ્યોગિક ઝઘડા કોર્ટના પ્રમુખ તરીકે કામ કર્યું હતું. અને સૌરાષ્ટ્રનું રાજકીય એકમ થતાં તેઓ નામદારને સૌરાષ્ટ્ર હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધિકારી નીમવામાં આવ્યા હતા. શ્રી મોતીચંદભાઇનો તેમની સાથે હાઇ-કોર્ટમાં કામ કરવાથી જૂનો પરિચય હતો. બ્રિટિશ સરકાર તરફથી આપણને ગ્રહણ કરવા જેવી ઘણી વસ્તુઓ મળી છે, તેમાં સર્વોત્તમ બ્રિટિશ લોકોએ સ્થાપેલ અને વિકસાવેલ ન્યાયબુદ્ધિ Sense of Justice અને ન્યાયપદ્ધતિ છે. એવા ન્યાયના સ્થાનના મૂળમાં-હાઇકોર્ટમાં કામ કરવાનો અનુભવ મળ્યો છે. એવા એક સદ્દગૃહસ્થને મેળવવામાં સૌરાષ્ટ્ર સરકાર ભાગ્યશાલી બની છે તે અહોભાગ્ય છે. સૌરાષ્ટ્રમાં નાના મોટા અનેક રાજ્યો હતા. કાયદા પણ એક સરખા ન હતા, કાયદાનો અમલ પણ પૂરો થતો ન હતો. ન્યાયખાતામાં કારો-બારી અને નાના મોટા રાજાઓની દખલગીરી પણ ઘણે ઠેકાણે થતી હતી. એવા હિંદુસ્તાનના ખૂણામાં આવેલ પ્રાંતમાં ન્યાયખાતાનું તંત્ર વ્યવસ્થિત સ્થાપવું, સુદૃઢ અને નિષ્પક્ષપાત સ્વતંત્રપણે કામ કરતું કરવું એ કાંઇ સહેલું કામ નથી. આવા કઠીન કામ સાટે શ્રી દીવેટીયા સાહેબ જેવા આપણને મળ્યા છે, જેઓ સાહેબે ટૂંકા વખતમાં ન્યાયતંત્ર એક સરખું વ્યવસ્થિત કરવા ભગીરથ પ્રયાસ કર્યો છે, અને ઘણે અંશે ફલીભૂત થયા છે. તેવા એક ગૃહસ્થને, તેવા જ એક ન્યાયના કામમાં જીવન ગાળનાર આપણા મોતીચંદભાઈના મેળાવડા પ્રસંગે પ્રમુખ તરીકે મેળવવા આપણો સંઘ ભાગ્યશાળી થયો છે, તે ઘણી આનંદ અને સંતોષની વાત છે.

શ્રી મોતીચંદને જે માનપત્ર આપવામાં આવે છે, તે તેમની કોમી કે સાંપ્રદાયિક ધર્મની સેવા માટે જ આપવામાં આવતું નથી પણ વિધવિધ ધર્મ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજ, રાષ્ટ્ર અને કેળવણીના કામમાં તેઓશ્રીએ જે આજીવન કામ કર્યું છે તેને માટે આપવામાં આવે છે. આપણું અમદાવાદનું દીવેટીયા કુટુંબ પણ સમાજ-સેવા અને સાહિત્ય સેવા માટે ઘણું જાણીતું છે એટલે તેઓશ્રી પ્રમુખસ્થાને બિરાજે તેમાં કનક અને મણિનો સુમેળ છે.

શ્રી હરિસિદ્ધભાઇની સાહિત્યસેવા પણ જાણીતી છે. તેઓ ગુજરાત સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ છે, ભારતીય વિદ્યા ભુવનના ઉપપ્રમુખ છે અને હાલમાં જ નવી સ્થપાનારી ગુજરાત યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર છે. આવા એક સદ્‌ગૃહસ્થને આ મેળાવડાના પ્રમુખ તરીકે બિરાજવાની દરખાસ્ત મૂકતાં મને ઘણો આનંદ થાય છે. આપ સૌ મારી દરખાસ્ત વધાવી લેશો એવી મને સંપૂર્ણ ખાત્રી છે.

આ દરખાસ્તને શેઠશ્રી ભોગીલાલભાઈએ ટેકો આપ્યો હતો.

સભાનું કામ શરૂ થતા જૂદા જૂદા ગૃહસ્થો-કલેકટર શ્રી દવે સાહેબ, રીટાયર્ડ નાયબ દીવાન શ્રી નટવરલાલભાઈ સુરતી સાહેબ, શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ તથા શ્રી ફતેહચંદ ઝવેરચંદ અને શ્રી જૂઠાભાઇ સાકરચંદે પ્રસંગોપાત વિવેચનો કર્યા હતા. ત્યારબાદ માનપત્ર વકીલ ભાઇચંદભાઇ અમરચંદ વકીલે વાંચ્યું હતું, જે નીચે છાપવામાં આવ્યું છે. માનપત્ર અર્પણ કરવાની વિનંતિ થતા માનપત્ર એક સુંદર કિંમતી કાસ્કેટમાં મૂકી પ્રમુખ સાહેબે શ્રી મોતીચંદભાઇને અર્પણ કર્યું હતું અને એક માનનીય ભાષણ કર્યું હતું, જે આ અંકમાં આપવામાં આવેલ છે. તેનો ઉત્તર શ્રી મોતીચંદભાઇએ આપ્યો હતો, જેનો સાર ભાગ પણ આ અંકમાં આપવામાં આવ્યો છે. બાદ પ્રમુખ સાહેબનો ઉપકાર સંઘના સેક્રેટરી શ્રી જૂઠાભાઈએ માન્યો હતો, ત્યારબાદ ફૂલહાર અર્પણ કરવામાં આવ્યા હતા, અને ફોટોગ્રાફરે ફ્લેશ લાઇટની મદદથી ફોટો લીધો હતો અને આનંદ અને ઉત્સાહ વચ્ચે મેળાવડો વિસર્જન થયો હતો.

## સન્માન પત્ર.

**સુજ્ઞ ધર્મપ્રેમી સાક્ષરવર્ય,**

**શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીયા.**

**બી. એ. એલએલ. બી. સોલીસિટર.**

**મુંબઇ તથા ભાવનગર.**

આપને આ સન્માનપત્ર અર્પણ કરતાં ભાવનગરના શ્રી જૈન સંઘને ઘણો આનંદ થાય છે.

આપ અમારા શહેર ભાવનગરના અગ્રગણ્ય સ્વર્ગસ્થ શેઠ ગિરધરલાલ આણંદજી પરશોતમના કુટુંબમાં જન્મ્યા છો. આપને ધર્મભક્તિ અને સમાજ-સેવાભાવ વારસામાં જ મળ્યા છે.

નાનપણમાં પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ મહારાજશ્રી વૃદ્ધિચંદજી મહારાજ તથા પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજનો ઉપદેશ સાંભળવાનો સુયોગ આપને પ્રાપ્ત થયો હતો, ત્યારબાદ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂરીશ્વરજી મહારાજ, આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ તથા પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજના પરિચયમાં પ્રસંગોપાત આપ સંઘસેવા અને જ્ઞાનવૃદ્ધિના કાર્યમાં આવ્યા છો, એટલે ધર્મભાવના આપનામાં મૂર્તિમંત રહેલ છે.

પાશ્ચિમાત્ય કેળવણી લીધા છતાં એક ચુસ્ત શ્રાવકને યોગ્ય આપની દિનચર્યા જોઇ અમને ઘણું માન થાય છે. કેળવણી પામતાં યુવકોને આપનું ધાર્મિકજીવન એક પ્રેરક દૃષ્ટાંતરૂપ છે.

આપની જૈન સાહિત્યની સેવા અનુપમ છે. ઉપમિતિભવપ્રપંચા કથા, શાન્ત સુધારસ ભાવના, અધ્યાત્મકલ્પદ્રુમ, શ્રી આનંદઘનજીના પદો વિગેરે આધ્યાત્મિક ગ્રંથોનું મર્મગ્રાહી વિવેચન લખી આપે જૈન ધાર્મિક સાહિત્યને સમૃદ્ધ કરેલ છે.

મુંબઇ શહેરમાં આપણા યુવકો ઉચ્ચ કેળવણી સહેલાઇથી ઓછે ખર્ચે લઇ શકે તે માટે સતત પુરુષાર્થ કરી શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી મહાન સંસ્થા સ્થાપવામાં મોટો ફાળો આપી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજની પ્રેરણાને આપે મૂર્તિમંત કરેલ છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય આપનું ચિરસ્થાયી સ્મારક છે.

આપની સેવા આપણા ધર્મ અને સમાજ પૂરતી જ મર્યાદિત નથી. દેશની આઝાદીની લડતમાં આપે સક્રિય ભાગ લીધો છે. મુંબઇની મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સ્ટેન્ડીંગ કમીટીના પ્રમુખ તરીકે આપે અગત્યનો ભાગ ભજવ્યો છે.

શ્રી ભાવનગર સંઘના અગત્યના કામોમાં જ્યારે જ્યારે સલાહની જરૂર પડી ત્યારે વિનાસંકોચે આપે અમને કીંમતી મદદ આપેલ છે.

સમસ્ત હિંદુસ્તાનના શ્રી જૈન સંઘના કામો માટે પણ આપે વખતોવખત સલાહ અને દોરવણી આપેલ છે.

શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથવાળા કેસમાં ઈંગ્લાંડમાં પ્રીવિકાઉન્સીલ પાસે ચાલતી અપીલમાં ત્યાંના આપણા વકીલોને સૂચના આપવા આપને મોકલવામાં આવ્યા હતા તે આપની જૈન તીર્થ માટે મોટી સેવા છે.

આવું વિધવિધ ક્ષેત્રોની સેવામાં સર્વાંગી સુંદર જીવન જીવી જાણનારા બહુ ઓછા ગૃહસ્થો મળી શકે છે.

આ બધા ગુણોથી આકર્ષાઈ આ સન્માનપત્ર આપને અર્પણ કરવા રજા લઇએ છીએ. આપ આપના હવે પછીના જીવનમાં તંદુરસ્તી સાથે લાંબું આયુષ્ય ભોગવો અને અનેક સેવાના કામો કરવા ભાગ્યશાળી થાઓ એવી અમારી પરમાત્મા પાસે પ્રાર્થના છે.

(સહી) હરિસિદ્ધભાઇ વી. દીવેટીયા.
મેળાવડાના પ્રમુખ.
તા. ૧૫-૧૨-૪૯
શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર સંઘ
સેક્રેટરી શ્રી જુઠાભાઇ સાકરચંદ
તથા અન્ય સભાસદો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાજના ઉત્કર્ષમાં જ્ઞાતિ–ઉત્કર્ષ

[ શ્રી ભાવનગર સંઘના મેળાવડા પ્રસંગે સૌરાષ્ટ્રના ચીફ જજ
શ્રી હરિસિદ્ધભાઇ દિવેટીયાએ આપેલ પ્રવચનનો સારભાગ ]

ભાઇઓ અને બ્હેનો,

આજના મેળાવડાના પ્રમુખસ્થાન માટે જ્યારે મને પ્રથમ પૂછવામાં આવ્યું ત્યારે આ જૈન સમાજના મેળાવડામાં મારું શું સ્થાન છે? એ પ્રથમ વિચાર આવ્યો. પણ આ માન જૈન સાહિત્ય માટે જ અપાતું નથી પરન્તુ જેમણે સમાજસેવા–દેશસેવા કરેલી છે તેને માટે આ સમારંભ છે એમ સમજી પ્રમુખ થવા માટે હા પાડી. બીજું કારણ એ છે કે, જેને માન આપવાનો આ પ્રસંગ છે તે ભાઇ મોતીચંદનો મને અંગત અનુભવ છે. મુંબઇમાં વિધવિધ ક્ષેત્રમાં અમે સાથે કાર્યકર્તા હતા. તેમને માટે આ સમારંભ છે, એટલે પણ આ પ્રસંગે આવવા હું પ્રેરાયો.

મોતીચંદભાઇએ જૈનધર્મ, જૈન સાહિત્યની જે સેવાઓ કરી છે તેને માટે તો આગળના વકતાઓએ ઉલ્લેખ કરેલો છે, પરન્તુ તેમની સેવાઓ એટલેથી અટકતી નથી. અગાઉ એક ભાઇએ કહ્યું તેમ થોડું કર્યું વધારે બતાવવું એ ભાવનાથી મોતીચંદભાઇ રહિત છે. ગૂજરાતી સાહિત્ય પરિષદ, આદિ કેળવણી અને સામાજિક કાર્યોમાં મોતીચંદભાઇનું નામ હંમેશાં અગ્ર ભાગે હોય છે. મહાવીર જૈન વિદ્યાલયની સ્થિતિ આપ સૌ જાણો છો. એ સંસ્થાના પ્રાણરૂપે મોતીચંદભાઇ છે, એમ કહેવું ખોટું નથી. રાજકારણમાં–મુંબઇની મ્યુનિસીપાલીટીમાં તેમણે બનતો ફાળો આપ્યો છે અને અહીંના વતની તરીકે તમો સૌ માન આપો એ સ્વાભાવિક છે.

મારા મિત્ર નટવરલાલ સુરતીએ જ્ઞાતિ સંસ્થાની ઉપયોગિતા વિષે થોડી ચર્ચા કરી છે. જૈનને હું જ્ઞાતિ નથી ગણતો પણ એક ધાર્મિક સંસ્થા ગણું છું. જ્ઞાતિનું સ્થાન એક સંસ્થા તરીકે અત્યારે શું છે અને શું હતું અને શું હોવું જોઇએ તે વિષે મતભેદ હોઇ શકે. જ્ઞાતિસેવા બે પ્રકારની છે.

સંકુચિત સેવા–જે બીજી જ્ઞાતિની સેવાના ભોગે પોતાની જ જ્ઞાતિની સેવા કરવી તે. ઉચ્ચ પ્રકારની સેવા-જે જ્ઞાતિ જનોને સમાજસેવા માટે તૈયાર કરવા એ ભાવનાથી જ્ઞાતિસેવા થાય તે. આવા ઉચ્ચ પ્રકારની ભાવનાથી જ્ઞાતિસેવા કરવી તે યોગ્ય છે એટલું જ નહીં પણ આખા સમાજના ઉત્કર્ષમાં જ્ઞાતિનો ઉત્કર્ષ આવી જાય છે. સમાજસેવા કરવી એ ઉત્તમ છે. જ્ઞાતિને તોડીને સમાજસેવા કરવી એ ત્રીજો પક્ષ છે.

જ્ઞાતિ ટકી રહે એ ઇચ્છવાયોગ્ય નથી એમ જે ભાવના સેવાય છે તે યોગ્ય છે કે નહીં એ કહી શકાય નહિ.

હવે પછીના પચીશ વર્ષ પછી સમાજસેવા કેવા પ્રકારની હશે, રાજકારણ કઇ જાતનું આવશે, તે અત્યારે કલ્પનામાં આવી શકે તેમ નથી, તેનો ખ્યાલ કરવો ઘણો મુશ્કેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંક્રાતિ કાળમાં આપણે ઊંચા પ્રકારની સેવા-સમાજસેવા કરીએ. જ્ઞાતિઓ સમાજસેવામાં ઉપયોગી થાય તેમ કરીએ તો પણ ઘણું છે.

મોતીચંદભાઇની સેવા-સમાજસેવા છે. સમાજસેવામાં કોમની સેવા પણ આવી જાય છે. કોમ તેમને માન આપે છે તે યોગ્ય છે.

જૈનધર્મના પુસ્તકો વૃક્ષરૂપે છે. જૈન શાસ્ત્રનો મેં જે થોડો ઘણો અભ્યાસ કર્યો છે એ ઉપરથી મને લાગે છે કે-એમાંથી જૈન ધર્મના અનુયાયીઓ માટે જ નહિ પણ સમગ્ર હિંદીઓને પણ ઘણું જાણવાનું મળશે.

શૈવ અને વિષ્ણુધર્મના સાહિત્યમાં જૈનધર્મની ઊંડી છાપ પડેલી છે. જૈનધર્મ, બુદ્ધધર્મ, હિંદુધર્મ, હિંદુસ્થાનમાં હતા. જૈનધર્મે હિંદુધર્મ પર ઘણી અસર કરી છે. જૈનધર્મના સિદ્ધાંતો, શૈવ કે વિષ્ણુધર્મથી વિરુદ્ધ ન હતા.

મારા અનુભવમાં છે કે-કેટલાંક કુટુંબીઓની અંદર એક શૈવ કે વિષ્ણુ હોય, એક દેરાવાસી જૈન હોય કે સ્થાનકવાસી જૈન હોય પણ સૌ પોતપોતાના ક્ષેત્રમાં સંયુક્ત કુટુંબ તરીકે રહી શકતા હતા. અહિંસાની ભાવના જે ગૂજરાતમાં છે તે જૈનધર્મનો જ પ્રભાવ છે.

જૈનધર્મ, વેદધર્મથી છૂટો પડ્યો તે ક્ષત્રિયોને આભારી છે, બ્રાહ્મણો સામે બળવો કરી તેઓ જૂદા પડયા.

વેદ ધર્મમાં પશુવધ છે. રાજપુત-ક્ષત્રિયોને ધર્મમાં હિંસા ન રૂચી. પરિણામે ક્ષત્રિયો છૂટા પડયા અને બ્રાહ્મણો હિંસાત્મક રહ્યા.

પંચ ગૌડના બ્રાહ્મણો હજી માંસાહારી છે. કાશ્મીરના બ્રાહ્મણો હજી માંસ લે છે. પંચદ્રવિડના બ્રાહ્મણો શાકાહારી છે.

દ્રાવિડ-ગૂજરાત મુંબઇમાં આવતાં ગૂજરાત અને દક્ષિણમાં જૈનધર્મની અહિંસાની અસર ઘણી થઇ અને જૈનધર્મના સિદ્ધાંતો સ્વીકારાવા. કર્મના સિદ્ધાંતો શૈવ, વિષ્ણુ અને જૈનમાં એક છે. બુદ્ધધર્મ ચાલ્યો ગયો, પણ જૈનધર્મ રહ્યો અને બીજા ધર્મો ઉપર અસર કરી. જૈનધર્મના સિદ્ધાંતો જાણવા અને શીખવા એ હિંદુઓની ફરજ છે. સ્યાદ્‌વાદનો સિદ્ધાંત મને ઘણો ગમ્યો છે.

સતવસ્તુમાં અનંત ધર્મો રહ્યા છે તેમાંથી અમુક અપેક્ષાએ અમુક ધર્મ પ્રતિપાદન કરવો તે જૈનોના નય જ્ઞાનનો વિષય છે. નયનું જ્ઞાન સાપેક્ષિક છે અર્થાત્ Relative છે. નિરપેક્ષ Absolute નથી. સ્યાદ્‌વાદ શૈલિ આ પ્રતિપાદન કરે છે. સ્વ. શ્રી આનંદશંકર બાપુભાઇએ ભાવનગરમાં શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના સુવર્ણ-મહોત્વ પ્રસંગે સ્યાદ્‌વાદને અંગે જે પ્રવચન કરેલ તે મેં વાંચેલ છે. તેમના સ્યાદ્‌વાદની પ્રરૂપણા મને ઘણી ગમી છે.

આ રીતે જૈનધર્મના સાહિત્યનો અભ્યાસ જૈનેતરોએ જૈનના સિદ્ધાંતો સમજવા કરવો જોઇએ, અને એ ક્ષેત્રમાં મોતીચંદભાઇએ જે પ્રગતિ કરી છે, તેથી આ મેળાવડામાં જૈનનો જેમ હક્ક છે તેમ જૈનેતરનો પણ હક્ક છે.

હું આશા રાખું છું કે જે કાર્ય મોતીચંદભાઈએ કર્યું છે, તે માટે તેમનું મન અને શરીર સ્વસ્થ રહે એવી શુભેચ્છાથી આ માનપત્ર તેમને અર્પણ કરવાની રજા લઉં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ભાવનગર જૈન સંઘના મેળાવડા પ્રસંગનો ગ્રુપ ફોટો



શ્રી ખાંતિલાલ અમરચંદ વોરા, શ્રી જુઠાભાઇ સાકરચંદ વોરા, શ્રી મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયા, શ્રી હરિસિદ્ધભાઇ દીવેટીયા, શ્રી મણિલાલ ફુલચંદ, શ્રી ભોગીલાલ મગનલાલ શેઠ, શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી મોતીચંદભાઇનો પ્રત્યુત્તર

**પ્રમુખશ્રી, ગૃહસ્થો અને બાનુઓ,**

આપે તસ્દી લઇ મને માન આપ્યું તે માટે આપ સર્વનો સમષ્ટિગત અને વ્યક્તિગત આભાર માનું છું. હું મુંબઈથી તે દિવસથી આ માન મને કેમ નીકળ્યો મળે અને મારે લેવું ઉચિત ગણાય કે નહિ તેનો વિચાર કરું છું. મને તેમાં કોઇ રીતે ઘડ બેસતી નહોતી, તે આ માનપત્ર વાંચવાથી મને ઘડ બેસી ગઇ છે. મેં અહીંના સ્થાનિક સંઘની કોઇ સેવા કરી નથી. કોઇ વાર મારો કારકુન વ્યાજ લઇ આવ્યો હશે, તેને આવડું માન કેમ હોય? માનપત્રમાં આપે મારા પૂજ્ય પિતાશ્રી અને કાકાશ્રી કુંવરજીભાઇને યાદ કર્યાં છે. તેઓએ તમારી સેવા કરી છે. તેનો બદલો મને મળે છે એ વાત માનપત્રથી સાબિત થાય છે. એટલે આજનું માન સ્વોપાર્જિત ન ગણાય, પણ વડિલોપાર્જિત છે. એટલે આ માન હું વડિલનું સન્માન ગણું છું અને તેઓએ, જે એની સેવા કરી છે તેને જ એ ઘટે છે. આવા માનને હું યોગ્ય થઉં તેમ અંતરથી હું ઇચ્છું છું અને મળેલ માનને વડિલોપાર્જિત મિલ્કતના વિભાગમાં મૂકું છું.

આજ મેળાવડો જોતાં પ્રથમ તો હું પ્રમુખશ્રીનો અંતરથી આભાર માનું છું. તેઓ આજની મુસાફરી માથે લઇ અનેક જોખમો વહોરી અહીં સુધી પધાર્યાં તે માટે હું તેમનો ખાસ ઋણી છું.

મારે આપને એક બે વાત કહેવી છે. તે બહારગામ વસતા મને જરૂરી દેખાણી છે. અત્ર સ્થાનિક સંઘની જે મહત્તા છે તે ઐક્યને લઇને છે. આટલો મોટો સમુદાય એક સંપે એક સાથે સંઘરૂપે રહે અને તેમાં કોઇ જાતનો મતભેદ ન હોય, એક સાથે જમે અને રહે તે અતિ ગૌરવનો વિષય છે. અને આવડા મોટા સમુદાયનો સંપ બહારગામનાને માટે ગૌરવનો વિષય છે. બહારગામમાં અત્રસ્થ સંઘની જે મહત્તા છે તે આ એકસંપીલાપણાને લઇને છે. આ ગૌરવ મેં નાનપણથી જોયું છે અને એની મહત્તા પરદેશીઓને એના ગૌરવથી જણાય છે. એ ગૌરવને જાળવજો અને વધારજો અને મારા દાદા જે ભાદરવા શુદ ૫ ને પોતાની જ માનતા હતા તે પદ્ધતિ જાળવી રાખજો. એમાં દેશપરદેશમાં આપણી મહત્તા છે. આ બાબતમાં આચાર્ય વિજયવલ્લભસૂરિ જેઓ અહીં આવી ગયા છે તેઓને આ બાબતમાં બહુ મહત્ત્વ લાગ્યું હતું અને તે આપની પાસે રજૂ કરતાં આપ તે જાળવશો એવી આશા રાખું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એક બીજી વાત આપણા દીલમાં આપણી મહત્વની સંસ્થા કોન્ફરન્સ છે. એનું ગૌરવ વધે તે માટે સર્વ કરવું. એનામાં કાંઈ નબળાઈ જણાય તો આપણી નબળાઇ છે. કોઈપણ સંસ્થા પોતે ચાલતી નથી. તેને અપનાવનાર આપણે સર્વ છીએ. તા. ૨૭ થી ૩૦ જાન્યુઆરી ૧૯૫૦ માં એનું અધિવેશન વરકાણા મુકામે થવાનું છે ત્યાં પધારી અત્રે કરેલું તેનું અધિવેશન આપ યાદ કરાવશો અને એની મહત્તા વધારશો.

અને મહાવીર જૈન વિદ્યાલય તો મારા વિલાસનો વિષય છે. એ કામને પ્રતાપે જ હું આપની સમક્ષ આજે નવે અવતાર આવ્યો છું. કેળવણી ૨૫૦) કોલેજના વિદ્યાર્થીઓ લે અને તેના આપણે કારણભૂત થઈએ એ ગૌરવનો વિષય છે અને હું તો તે કામ મારી સગવડે કરું છું. એમાં હું મારી ફરજ બજાવવા ઉપરાંત જરાપણ વિશેષ કરતો હતો એમ મને લાગ્યું જ નથી. મારી ભાવના એની એક શાખા અહીં કરવાની હતી. હું ખરચના નસીબ મોટાં છે એમ માનનારો છું. એ સંસ્થાના મેંબર અથવા પેટ્રન થઇ આપ એ સંસ્થાને સહાય કરશો. આપણી ભવિષ્યની પ્રજાને એ આશ્રય આપનાર છે અને એની પ્રગતિમાં આપણો ઉદય છે.

બાકી રાષ્ટ્ર ભાવનાને અવિરોધપણે એક કોમભાવના કરવી અને તેની સાથે વ્યક્તિગત ઉદય કરવો એ શકય વાત છે. દરેક કોમનાં વર્તુળો જો પોતપોતાની પ્રગતિ કરે તો સમષ્ટિનો ઉદય થઇ જાય તેમાં કાંઇ વાંધો નથી. હું રાષ્ટ્રભાવના કરનાર છું, કોન્ગ્રેસનો અનુયાયી છું, છતાં મને તે બેમાં કાંઇ વિરોધ નથી લાગતો. એનું આખું બંધારણ વિગતવાર કહેવાનો અત્યારે સમય નથી. આપ તેનો અભ્યાસ કરી તમને એમાં કોમના ઉદયનાં ચિહ્નો દેખાતાં હોય તો આપ એ સંસ્થાને અપનાવજો અને એ મૂળભૂત બંધારણનું ગૌરવ કરજો. એનો લગભગ દોઢથી બે લાખનો વાર્ષિક ખરચ છે તેને અપનાવી લેવો તે આપણો સમયધર્મ છે. આપ પૂછશો, તપાસ કરશો અને આપને સુયોગ્ય સંસ્થા લાગે તો તેને પ્રગતિ માર્ગમાં મદદ કરશો. આપ સુજ્ઞ છો, સમજુ છો તો જરૂર યોગ્ય કરશો. આપ સર્વનો ફરીવાર આભાર માની અત્ર વિરમીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ૦ શ્રી કુંવરજી આણંદજી

સભાએ આવીએ એટલે કુંવરજીભાઇની વાગ્ધારા તો છૂટથી ચાલતી જ હોય. એમની વાતો તો ધર્મમય જ હોય. મેં જે કાંઇ મેળવ્યું તે આ શ્રવણને આધારે અને હું શીખ્યો હોઉં તેના કરતાં વધારે આ શ્રવણથી જ મેળવ્યું છે એટલું જણાવી દઉં.

અને સંઘના કાર્યમાં તો તેઓ સદા તૈયાર જ હતા. સંઘનો કોઇ મેળાવડો એવો નહિ હોય કે જેમાં કુંવરજીભાઇ હાજર ન હોય. એમણે સંઘના કાર્યને પોતાનું માન્યું અને ભાવનગરના સંઘનું ગૌરવ વધાર્યું તે અનુકરણ કરવા યોગ્ય છે.

અને એવા ધર્મિષ્ટ સજ્જન નગરના સામાજિક કામમાં હમેશ તૈયાર રહેતા. તેઓ નગરશેઠના સલાહકાર અને અંગત પ્રેમી હતા અને તેઓ જે સલાહ આપતા તે આદરવા લાયક નીવડતી. તેઓએ ભાવનગરના અનેક સ્થાનિક કામો કર્યાં છે અને અનેક દુઃખીઓને દિલાસારૂપ તેઓ નીવડયા છે. ભાવનગરના મહાજનમાં તેઓની નિત્ય હાજરી એકધારી હતી અને ભવિષ્યની પ્રજાને અનુભવના લાભ સાથે આશાસ્પદ હતી. તેઓ સામાજિક કાર્યો કરવા સદા તત્પર હતા અને ખાસ કોઇ જાતનો સ્વાર્થ સાધવાને તેઓ વ્યવસાયતત્પર નહોતા. આ તેમની રીત અનુકરણીય હતી અને જાતે ઉચ્ચ ચારિત્રશીલ હોઇ પ્રજાને ખાસ અનુકરણીય હતા. તેઓ કદી મિશ્ર શબ્દોમાં વાત ન કરતા હતા. તેમનું જાહેર કાર્ય આ રીતે ખાસ દાખલા લેવારૂપ હતું. જનતાનો આવો સુંદર ચાહ મેળવનારનું ખાનગી જીવન ખૂબ આકર્ષક હતું. તેઓશ્રીએ પોતાનું સમગ્ર જીવન ધાર્મિક અને સામાજિક કાર્યોમાં પરિપૂર્ણ કર્યું. કોઇ અર્થી કે માગણ આવે તેને તેઓ આશ્વાસન આપતા. અને તેનું કામ તેને માટે પૂર્ણ પ્રયાસ તન, મન અને ધનથી કરતા. તેઓ કોઇની વિરુદ્ધ બોલતા નહિ. જરાપણ છિદ્રાન્વેષી થતાં નહિ અને આખો વખત સમાજસેવામાં તત્પર રહેતા. તેઓનું ધાર્મિક જીવન આદર્શમય હતું. તેઓ ધર્મમય જ હતા, વ્રતધારી હતા અને મર્યાદાયુક્ત ખાતા. તેઓ ભારે આદર્શવાદી અને આશાવાદી હતા અને અનેક પર ઉપકાર કરવો એ એમના જીવનનું સૂત્ર હતું. તેઓ અનેક પૌષધો તેમજ વ્રત કરતા અને આખા જીવનને ધર્મથી રંગી દેનાર હતા. તેમને મળો તો જાણે સાક્ષાદ્ ધર્મને મળ્યા એમ તમને લાગ્યા વગર રહે નહિ. ધર્મને એ જીવ્યા અને છતાં સમાજસન્મુખ રહ્યા એવી તેમને અનુકૂળતા હતી. તેઓના આદર્શ જીવનને જીવવા યોગ્ય ભાવનગરના લોકોએ ગણ્યું અને આજે પણ તેમની સ્મૃતિ કાયમ છે એટલે શરીરથી તેઓ દૂર થયા છતાં લોકોના હૃદયમાં હજુ તે જીવતા જ છે. તેમની જીવનલહરી સમજવા માટે આજે પણ તેમને માટે શું બોલાય છે તે જનતાને મુખે ભાવનગરમાંથી જ મળી આવે છે એવા નસીબવંત જીવનને નમસ્કાર !

મૌક્તિક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર

પ્રશ્નકારા—શ્રી ઉત્તમચંદ ભીખાચંદ—પુનાકેમ્પ

પ્ર–૧ ગુરુમહારાજની છબી અથવા મૂર્તિ પાસે વિધિપૂર્વક દ્વાદશાવર્તવંદન થાય ?

ઉ— દ્વાદશાવર્તવંદન તો સ્થાપનાજી પાસે જ થાય. મૂર્તિ પાસે તો સામાન્ય વંદન થાય.

પ્ર–૨ સાધુમુનિરાજના અભાવે પર્યુષણમાં કલ્પસૂત્ર કે તેની ટીકા શ્રાવક વાંચી શકે ?

ઉ— શ્રાવક તો સામાયિક લઇને કલ્પસૂત્રનો બાલાવબોધ અથવા ભાષાંતર વાંચે. મૂળ કે ટીકા વાંચી ન શકે.

પ્ર–૩ સાધ્વીજીના અભાવે શ્રાવિકાઓને મુનિરાજ પ્રતિક્રમણાદિ ક્રિયા કરાવે ?

ઉ— ન કરાવી શકે. શ્રાવિકાઓ પોતાનો સમુદાય ભેગો કરીને કરે.

પ્ર–૪ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિએ સિદ્ધરાજની સાથે સોમનાથના મંદિરમાં જતાં તેમને વંદન કર્યું તેથી તેમને મિથ્યાત્વનો દોષ લાગ્યો હશે ?

ઉ— શ્રીમાન્ હેમચંદ્રાચાર્યે સોમનાથને વંદન કરતા બોલેલ શ્લોક વાંચો. તેઓએ કહ્યું છે કે,—

**भवबीजांकुरजनना, रागाद्याः क्षयमुपगता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥**

સંસારરૂપી બીજના અંકુર ઉત્પન્ન કરનારા અર્થાત્ વૃદ્ધિ પમાડનારા રાગદ્વેષ અજ્ઞાનાદિ જેના સર્વથા નષ્ટ થયા છે તે બ્રહ્મા હો, વિષ્ણુ હો, શંકર હો કે જિન હો જે હોય તેને નમસ્કાર કરું છું. આ પ્રમાણે કહેવાથી તેમને મિથ્યાત્વનો દોષ લાગ્યો નથી

પ્ર–૫ ઘરે ગાય વગેરે પશુ વીંયાય તો કેટલા દિવસનું સૂતક લાગે ?

ઉ— ત્રણ દિવસનું લાગે. તેને માટે ' સૂતકવિચાર ' વાંચો.

પ્ર–૬ પાડોશીને ત્યાં પ્રસૂતિ થાય તો કેટલા દિવસનું સૂતક લાગે ?

ઉ— જો બન્ને ઘરની ચાલ જુદી હોય ને પરિચય ન હોય તો સૂતક લાગતું નથી.

પ્ર–૭ એકાસણા, આંબેલ તથા ઉપવાસમાં અચિત્ત તરીકે છાશનો ઉપયોગ થઇ શકે ?

ઉ— એકાસણામાં ભાણે બેઠા વાપરી શકાય. આયંબીલમાં ભાણે બેઠા પણ ન લેવાય. ઉપવાસમાં તો લેવાય જ નહી.

પ્ર–૮ દહીંની છાશ બનાવતાં સચિત્ત પાણીનો ઉપયોગ થાય છે છતાં તે અચિત્ત કેમ ગણાય છે ?

ઉ— દહીંની છાશ કરતાં તે એટલું બધું વલોવાય છે કે તેથી સચિત્ત પાણી પણ અચિત્ત થાય છે.

પ્ર–૯ એકાસણા તથા આયંબીલમાં દવાનો ઉપયોગ કરી શકાય ?

ઉ— એકાસણામાં અચિત્ત દવા વાપરી શકાય ( ભાણે બેઠા ), આંબેલમાં જે વસ્તુ ખપી શકે તે વસ્તુ ભાણે બેઠા દવા તરીકે વાપરી શકાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર-૧૦ સમયસુંદરગણિ કયા ગચ્છના હતા?

ઉ— સમયસુંદરગણિ ખરતરગચ્છના હતા; પરંતુ ગચ્છાગ્રહી ન હતા એવું તેમની કૃતિ પરથી જણાય છે. જુઓ 'ગાથાસહસ્રી'

પ્ર-૧૧ કેટલાક મુનિઓ સમયસુંદરગણિનું કરેલું સ્તવન પ્રતિક્રમણમાં બોલવાની મનાઇ કરે છે તે બરોબર છે?

ઉ— એમ ઘણે સ્થળે બોલતા સાંભળ્યું છે. મનાઇ કરવી યોગ્ય લાગતી નથી.

પ્ર-૧૨ મહાવિદેહક્ષેત્રમાં મંદિરસ્વામી......એ સ્તુતિ કોણે કરેલી છે? તે પ્રતિક્રમણમાં બોલી શકાય?

ઉ— એ સ્તુતિની કૃતિ તદ્દન વ્યવસ્થા વિનાની છે, તેથી બોલવા જેવી લાગતી નથી.

પ્ર-૧૩ ભરતચક્રવર્તી તેમજ બીજા ચક્રવર્તીઓ છ ખંડના સ્વામી ગણાય છે તો તે છ ખંડ કયા?

ઉ— જંબૂદ્રીપમાં છેક દક્ષિણે આવેલા ભરતક્ષેત્રના મધ્યમાં આવેલા વૈતાઢ્ય પર્વતે અને ગંગા સિંધુએ છ ખંડ કરેલા છે. તદનુસાર વૈતાઢ્યની ઉત્તરે આવેલા ત્રણ ને દક્ષિણે આવેલા ત્રણ એમ છ ખંડ સમજવા. આ પ્રમાણે ઐરાવતક્ષેત્રમાં તેમજ દરેક વિજયમાં પણ સમજવું.

પ્ર-૧૪ દેરાસરમાંથી મૂલ્ય આપીને લાવેલી વસ્તુનો શ્રાવકો ખાનપાનમાં ઉપયોગ કરી શકે?

ઉ— કેસર, બરાસ વી. મૂલ્યથી વેચાતી વસ્તુઓ સાંસારિક અનેક ઉપયોગમાં વાપરી શકાય છે, ફળ, નૈવેદ્ય વિ૦ માં મુકાયેલી કોઇ પણ વસ્તુ વેચાતી લઇને શ્રાવક વાપરી શકે નહીં.

પ્ર-૧૫ કૂવાના પાણીનો સંખારો કૂવામાં નખાય છે પરંતુ નળના પાણીનો સંખારો શેમાં નાંખવો?

ઉ— નળના પાણીનો સંખારો તે પાણી જેવા મીઠા પાણીના જળાશયમાં નાખવો યોગ્ય છે.

પ્ર-૧૬ પાણી ગળવાનું ગળણું કેવું હોવું જોઇએ?

ઉ— લંબાઇ પહોળાઇમા શુમ.રે દેઢ હાથનું ને છિદ્ર વિનાનું, ખાદીનું અથવા ગજીનું હોવું જોઇએ.

પ્ર-૧૭ ઋષભદેવ ફાગણ શુદિ આઠમે પૂર્વ નવાણું વાર સિદ્ધાચળે સમોસર્યા તો તે સંખ્યા કેવી રીતે સમજવી?

ઉ— ચોરાશી લાખને ચોરાશી લાખે ગુણતાં જે અંક આવે તે પૂર્વ કહેવાય છે. તેને નવાણુંવડે ગુણતાં જે સંખ્યા આવે તેટલીવાર સમોસર્યા એમ સમજવું.

પ્ર-૧૮ મહાવીરસ્વામીથી પદ્મનાભ તીર્થંકર કેટલા વરસને અંતરે થશે?

ઉ— મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૮૪૦૦૭ વર્ષ ને પાંચ માસે પદ્મનાભ તીર્થંકર ગર્ભમાં આવશે.

સ્વ. શ્રી કુંવરજીભાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ૦ આ.શ્રી વિજયનેમિસૂરિજીની ગહુંલી.

( રચયિતા—સાધ્વીશ્રી કાંતાશ્રીજી—ભાવનગર. )

( રાગ–એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે એ વ્રત જગમાં દીવો. )

એ ગુરુને નિત્ય નમીયે ઓ બ્હેની, એ ગુરુને નિત્ય નમીયે.
મધુપુરી નગરી નામ ભલેરૂં, જીવિતસ્વામી બિરાજે;
ત્રિશલાદેવીના છે નંદન, દેખી ભવિક મન મોહે.—ઓ બ્હેની. (૧)
તે નગરીમાં લક્ષ્મીચંદભાઇ, શેઠ વસે રે સોભાગી,
તસ ઘેર દિવાળી બાઇની કૂખથી, જન્મ્યા ગુરુ વૈરાગી.—ઓ૦......(૨)
સંવત "ઓગણીસે ઓગણત્રીસ"ના, કાર્તિક શુદ એકમ સારી;
પુત્ર વધાઇ સાંભળી પ્રેમે, હરખ્યા બહુ નરનારી.—ઓ૦......(૩)
કલ્યાણ કરશે પુત્ર આ જગમાં, જાણી એવું સર્વે;
નેમચંદભાઇ શુભ નામ જ પાડ્યું, સહુએ બહુ ઉલ્લાસે.—ઓ૦......(૪)
વ્યવહારિક ને ધાર્મિક શિક્ષણ, લીધું ગુરુએ મજાનું;
બાલવયથી એ બ્રહ્મચારીનું, સંજમ પર મન માન્યું.—ઓ૦......(૫)
ગચ્છાધિપતિ ગુરુ શ્રી વૃદ્ધિચંદ્રજી, નેમચંદના ભાવ જાણી;
સંવત "ઓગણીસે પીસ્તાલીશ" સાલમાં, સોળમે વરસે દીક્ષા લીધી.—ઓ૦......(૬)
જેઠ વદિ સાતમ શુભ તિથિએ, ગુરુજી ચારિત્ર વરીયા.
અભ્યાસ ઉત્તમ કરી ફરી જગમાં, બહુ ઉપકાર ગુરુએ કરીઆ.—ઓ૦......(૭)
એવા ગુરુ ગુણવંત દયાળુ, (૧૯૬૦) ઓગણીસે સાઠ વર્ષે;
વલ્લભીપુરમાં પંન્યાસ પદવી, પામ્યા પૂરણ હર્ષે—ઓ૦......(૮)
ભાવનગરના ભાવિક શ્રાવક, ગુરુજીને યોગ્ય જ જાણ્યા;
(૧૯૬૪) ઓગણીસે ચોસઠ જેઠ સુદ છઠ્ઠે, ગુરુજી સૂરિ પદવી પામ્યાં.—ઓ૦......(૯)
૬૦ વર્ષ ચાર માસ આઠ દિવસનું, ચારિત્ર ગુરુએ પાળ્યું;
દિવાળી અમાવાસ્યા શુભ દિવસે, નિર્વાણ ગુરુએ કીધું.—ઓ૦......(૧૦)
સમતા સાગર સૂરિમહારાજા, નેમિસૂરિજી ગુણધામી;
પરમ કૃપાળુ ગુરુની જગમાં, પૂરાય નહિ કદી ખામી—ઓ૦......(૧૧)
તીર્થોના ઉદ્ધાર કરનારા, ગુરુએ પ્રતિમાઓ ભરાવી;
આગમ અનુભવ પૂર્ણ લહી જેણે, જશ બહુ જગમાં લીધો.—ઓ૦......(૧૨)
દેશ વિદેશે વિહાર કરીને, ગુરુએ જશ ઘણો લીધો;
તે ગુરુએ અરે! સ્વર્ગમાં જલ્દી, વિહાર શીદને કીધો?—ઓ૦......(૧૩)
ધર્મધુરંધર ગુરુ ગુણવંતની, ખોટ પડી ગઇ પૂરી;
આપ વિના અમને હરઘડીયે, આપે કોણ શીખ મધુરી?—ઓ૦......(૧૪)
દયાના દરિયા એ ગુરુવરના, ગુણ બહુ યાદ જ આવે;
ગુણ સંભારી શ્રી નેમિસૂરિના, બાળાઓ ગુણ ગાવે.—ઓ૦......(૧૫)
એમ ગુરુજીનું જીવન જાણી, ધ્યાન હૃદયમાં ધરીયે;
એ આત્માને પૂરણ શાંતિ, હોજો દેવલોકમાંહે.—ઓ૦......(૧૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખકઃ—મૌક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડૉ. બુલ્લરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ છે ? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દષ્ટિબિંદુઓ રજૂ કર્યા છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ બે આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.

## શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર
### પર્વ ૧ થી ૧૦ : વિભાગ ૫

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧ પ્રથમ ભાગ–પર્વ ૧–૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂા. ૩–૪–૦
૨ બીજો ભાગ–પર્વ ૩-૪ ૫-૬ શ્રી સંભવનાથથી મુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો. કિં. ૩–૪–૦
૩ ત્રીજો ભાગ–પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂા. ૧–૮–૦
૪ ચોથો ભાગ–પર્વ ૮–૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂા. ૩–૦–૦
૫ પાંચમો ભાગ પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂા. ૨–૮–૦
( પહેલો તથા પાંચમો ભાગ હાલ સીલીકમાં નથી. )

શ્રી વિજયલક્ષ્મીસૂરિવિરચિત
## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર

આ આખા ગ્રંથનું ભાષાંતર અમે પાંચ ભાગમાં છપાવીને પ્રસિદ્ધ કરેલ છે. એમાં સ્થંભ ૨૪ ને વ્યાખ્યાન ૩૬૦ છે. દરેક વ્યાખ્યાનમાં એકેક કથા છે. બીજો ભાગ શીલીકમાં નથી. ભાગ ૧ લો રૂા. ૨।।, ભાગ ત્રીજો રૂા. ૨, ચોથો ભાગ ૨।। અને પાંચમા ભાગના ૨।।. આ ગ્રંથ અજોડ છે. આવો વર્ષના દિવસપ્રમાણ વ્યાખ્યાનવાળો બીજો કોઇ ગ્રંથ નથી. ભાષાંતર પણ સરલ ભાષામાં સુંદર કરવામાં આવેલ છે. કર્તાએ પ્રયાસ બહુ સારો કર્યો છે.

## શ્રી ઉપમિતિ ભવપ્રપંચ કથા ભાષાંતર
### ભાગ ૧–૨–૩–૪

પ્રથમના ૩ ભાગમાં આખા ગ્રંથનું ભાષાંતર સંપૂર્ણ આવે છે. આ પણ એક અપૂર્વ અને અજોડ ગ્રંથ છે. ત્રણે ભાગ મળીને કિંમત રૂા. ૯।। છે. ચોથા ભાગ તરીકે તે ગ્રંથના કર્તા શ્રી સિદ્ધર્ષિગણીનું ચરિત્ર ઘણું વિસ્તારથી આપવામાં આવ્યું છે તેની કિંમત રૂા. ૩) છે. જરૂર મંગાવો ને વાંચો. લખો–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only